MANOGAT • Year 40 • Issue 18 • 25 December 2021 • Magsar Vad 6, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





૨૫ ડિસેમ્બર
અટલબિહારી વાજપેયીજી જન્મદિન

# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम् ।




## ઔરંગઝેબ આવે છે તો શિવાજી પણ ઊભા થાય છે સાલાર મસૂદ આવે છે તો રાજા સુહેલદેવ જેવા વીર યોદ્ધા પણ તેને આપણી તાકાતનો અનુભવ કરાવે છે





Year : 40, Issue : 18, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# કાશી - અવિનાશી

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

અયોધ્યામાં રામમંદિરનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે ત્યારે જ વારાણસી (કાશી)માં દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના એક એવા બાબા વિશ્વનાથનું ભવ્ય અને દિવ્ય મંદિર તૈયાર થઈ ગયું.

અગાઉ ગલી-કૂંચીમાં માત્ર ૩૦૦૦ ચો. ફૂટ જગ્યામાં બાબા ગંગાથી દૂર બેઠા હતા. આ નૂતન નિર્માણમાં ૫ લાખ ચો. ફૂટ જગ્યામાં અને સીધા ગંગાકિનારા સાથે બાબા હવે બિરાજી રહ્યા છે - ત્યારે હૃદયમાં આનંદની ગંગાનું ફરી વખત અવતરણ થયું હોય તેવું અનુભવાઈ રહ્યું છે. શતાબ્દીઓ પછી થયેલું આ શાશ્વત મહાદેવનું અભૂતપૂર્વ વિકાસકામ આપણી સંસ્કૃતિનું શ્રદ્ધાકેન્દ્ર તો છે જ સાથે-સાથે સંસ્કૃતિ પ્રત્યેનાં આપણા કર્તવ્યનું સૈકાઓ સુધીનું સાક્ષી પણ બની રહેશે.

વિચારધારા પ્રત્યેના આપણા કમિટમેન્ટનો કાશીમાંથી નીકળેલો સંદેશ સમગ્ર દેશે તો અનુભવ્યો જ છે - વિશ્વ પણ આવકારી રહ્યો છે ત્યારે રાજનીતિમાં આપણું હોવું સાર્થક અને ગૌરવપ્રદ છે.

આવા સુંદર પાવન ઘટનાક્રમે દંભી બિનસાંપ્રદાયિક લોકો માટે પણ આપણે ભગવાન શંકરને પ્રાર્થના કરીએ કે એમના પર પણ આશીર્વાદ વરસાવી તેમનામાં પણ શ્રદ્ધાનો દીવો પ્રગટાવે. આપણી સામે પથ્થર ઉઠાવનારા સૌ વાંકદેખા લોકો શંકરરૂપી પ્રજાની ભક્તિ કરી રાષ્ટ્રસેવામાં પ્રવૃત્ત થાય એ જ અપેક્ષા.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**હર હર મહાદેવ**
**હર હર મહાદેવ**
**નમઃ પાર્વતી પતેય**
**હર હર મહાદેવ**
**માતા અન્નપૂર્ણા કી જય**
**ગંગા મૈયા કી જય**



### હૃદય ગદ્‌ગદ થઈ રહ્યું છે, મન આહ્‌લાદિત છે

દેશના ખૂણે ખૂણેથી અહીં પધારેલા પૂજ્ય સંતગણ અને મારા વ્હાલા કાશીવાસી અને દેશ-વિદેશથી આ પ્રસંગે સાક્ષી બની રહેલા તમામ શ્રદ્ધાળુ સાથીગણ, કાશીના તમામ ભાઈઓની સાથે બાબા વિશ્વનાથના ચરણોમાં આપણે મસ્તક નમાવીએ છીએ. માતા અન્નપૂર્ણાના ચરણમાં વારંવાર વંદન કરીએ છીએ. હમણાં હું બાબાની સાથે સાથે નગર કોટવાલ કાલ ભૈરવજીનાં દર્શન કરીને જ આવ્યો છું. હા, તો સૌથી પહેલાં તેમને પૂછવું આવશ્યક છે કે હું કાશીના કોટવાલના ચરણોમાં પણ નમન કરૂં છું. ગંગાતરંગ, રમણીય જટા-કલાપમ્, ગૌરી નિરંતર વિભૂષિત વામ- ભાગ્મ્નારાયણ, પ્રિય-મનંગ-સદાપ-હારમ્, વારાણસી પુર- પતિમ્ ભજ વિશ્વનાથમ્. આપણે બાબા વિશ્વનાથના દરબારમાંથી દેશ અને દુનિયાના આ શ્રદ્ધાળુ લોકોને પ્રણામ કરીએ છીએ, જે પોતપોતાના સ્થળેથી આ મહાયજ્ઞમાં સાક્ષી બની રહ્યા છે. હું, આપણા સૌ કાશીના લોકોને પ્રણામ કરું છું કે જેમના સહયોગથી આ શુભ ઘડી આવી છે. હૃદય ગદ્‌ગદ થઈ રહ્યું છે, મન આહ્‌લાદિત છે. આપ સૌ લોકોને ખૂબ ખૂબ અભિનંદન.

### આદિ કાશીની અલૌકિકતામાં એક અલગ જ આભા દેખાય છે

આપણાં પુરાણોમાં જણાવવામાં આવ્યું છે કે જ્યારે કોઈ કાશીમાં પ્રવેશ કરે છે ત્યારે તમામ બંધનોથી મુક્ત થઈ જાય છે. ભગવાન વિશ્વેશ્વરના આશીર્વાદ અને અહીં આવતાં જ એક અલૌકિક ઊર્જા આપણા અંતરઆત્માને જાગૃત કરી દે છે. અને આજે તો ચિરચૈતન્ય કાશીની ચેતનામાં એક અલગ જ સ્પંદન જોવા મળે છે. આજે આદિ કાશીની અલૌકિકતામાં એક અલગ જ આભા દેખાય છે! આજે શાશ્વત બનારસના સંકલ્પોમાં એક અલગ જ સામર્થ્ય દેખાઈ રહ્યું છે. આપણે શાસ્ત્રોમાં સાંભળ્યું છે કે જ્યારે પણ કોઈ પવિત્ર અવસર હોય છે ત્યારે તમામ તીર્થ, તમામ દૈવીશક્તિઓ બનારસમાં બાબાની પાસે હાજર થઈ જાય છે. થોડો એવો જ અનુભવ મને આજે બાબાના દરબારમાં આવતાં જ થઈ રહ્યો છે. એવું લાગી રહ્યું છે કે આપણું સંપૂર્ણ ચેતન બ્રહ્માંડ તેનાથી જોડાયેલું છે. એક રીતે કહીએ તો પોતાની માયાનો વિસ્તાર બાબા જ જાણે છે, પણ જ્યાં સુધી આપણી માનવીય દૃષ્ટિ પહોંચે છે ત્યાં 'વિશ્વનાથ ધામ'ના આ પવિત્ર આયોજન પ્રસંગે, આ સમયે સમગ્ર વિશ્વ આપણી સાથે જોડાયેલું છે.

**વિશ્વનાથધામનું આ સંપૂર્ણ નવુ સંકુલ એક ભવ્ય ભવન તો છે જ, પણ સાથે સાથે તે આપણા ભારતની સનાતન સંસ્કૃતિનું પ્રતીક પણ છે તે આપણો આધ્યાત્મિક આત્મા છે**



**આજે વિશ્વનાથ ધામ અકલ્પનીય અનંત ઊર્જાસભર**

આજે ભગવાન શિવનો પવિત્ર દિવસ સોમવાર છે. આજે વિક્રમ સંવત ૨૦૭૮, માગશર શુક્લ પક્ષ અને દશમની તિથિ એક નવો ઇતિહાસ રચી રહી છે. આપણું એ સૌભાગ્ય છે કે આપણે આ તિથિના સાક્ષી બની રહ્યા છીએ. આજે વિશ્વનાથ ધામ અકલ્પનીય અનંત ઊર્જાસભર છે. તેનો વૈભવ વિસ્તરી રહ્યો છે. તેની વિશેષતા આકાશને આંબી રહી છે. અહીં આસપાસમાં જે પ્રાચીન મંદિર લુપ્ત થઈ ગયાં હતાં તેને પુનઃ સ્થાપિત કરવામાં આવ્યાં છે. બાબા પોતાના ભક્તોની સદીઓની સેવાથી પ્રસન્ન થયેલા છે અને એટલા માટે જ તેમણે આજના દિવસે આપણને આશીર્વાદ આપ્યા છે. વિશ્વનાથ ધામનું આ સંપૂર્ણ નવુ સંકુલ એક ભવ્ય ભવન તો છે જ, પણ સાથે સાથે તે આપણા ભારતની સનાતન સંસ્કૃતિનું પ્રતીક પણ છે! તે આપણો આધ્યાત્મિક આત્મા છે! તે ભારતની પ્રાચીનતાનું, પરંપરાઓનું પ્રતીક છે! ભારતની ઊર્જાનું, ગતિશીલતાનું પણ પ્રતીક છે. તમે જ્યારે અહીંયાં આવશો તો તમને માત્ર આસ્થાનાં જ દર્શન નહીં થાય, પણ અહીંના પ્રાચીન ગૌરવનો પણ અનુભવ થશે. કેવી રીતે, પ્રાચીનતા અને નવીનતા એકસાથે સજીવ થઈ રહ્યાં છે, કેવી રીતે પુરાતનની પ્રેરણા ભવિષ્યને દિશા આપી રહી છે તેનાં સાક્ષાત્ દર્શન વિશ્વનાથ ધામ પરિસરમાં આપણને થઈ રહ્યાં છે.

**અગાઉ અહીંનો મંદિરવિસ્તાર માત્ર ૩૦૦૦ ચો.ફૂટ હતો તે હવે લગભગ ૫ લાખ ચો.ફૂટમાં ફેરવાઈ ગયો છે**

જે મા ગંગા ઉત્તરવાહિની થઈને બાબાના ચરણ પખાળવા કાશી આવે છે, તે મા ગંગા પણ આજે ખૂબ જ પ્રસન્ન બની હશે. હવે આપણે જ્યારે ભગવાન વિશ્વનાથનાં ચરણોમાં નમન કરીશું, ધ્યાન લગાવીશું તો મા ગંગાનો સ્પર્શ કરીને આવતી હવા પણ આપણને સ્નેહ આપશે, આશીર્વાદ આપશે. અને જ્યારે મા ગંગા ઉન્મુક્ત બનશે, પ્રસન્ન થશે ત્યારે બાબાના ધ્યાનમાં આપણે ગંગાના તરંગોના કલ કલ અવાજનો દૈવી અનુભવ કરી શકીશું. બાબા વિશ્વનાથ સૌના છે, મા ગંગા સૌની છે. તેમના આશીર્વાદ દરેક માટે છે, પરંતુ સમય અને પરિસ્થિતિ અનુસાર બાબા અને મા ગંગાની સેવાની સુલભતા મુશ્કેલ બની ગઈ હતી. અહીંયાં દરેક વ્યક્તિ આવવા ઇચ્છતી હતી, પણ રસ્તા અને જગાનો અભાવ નડતો હતો. વૃદ્ધો માટે તથા દિવ્યાંગો માટે અહીં આવવાનું ખૂબ જ મુશ્કેલ હતું, પણ હવે વિશ્વનાથ ધામ પરિયોજના પૂરી થવાથી અહીં તમામ લોકો માટે પહોંચવાનું સરળ બની ગયું છે. આપણાં દિવ્યાંગ ભાઈ-બહેન, વૃદ્ધ માતા-પિતા સીધા જ હોડી દ્વારા જેટ્ટી સુધી આવી શકશે. જેટ્ટીથી ઘાટ સુધી આવવા માટે એસ્કેલેટર મૂકવામાં આવ્યાં છે. ત્યાંથી સીધા મંદિર સુધી પહોંચી શકાશે. સાંકડા રસ્તાઓના

**રાણી અહિલ્યાબાઈએ ૩૫૨ વર્ષ પહેલાં કાશી વિશ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો**


પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ વારાણસીમાં પોતાના વર્ષ ૨૦૧૪માં આપેલા વચનને પૂરું કરતાં કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદ્ઘાટન કર્યું હતું. કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટ બાબા વિશ્વનાથ ધામની સૂરત જ બદલી નાખી છે. તમે અંદાજ લગાવી શકો છો કે પહેલાં બાબા વિશ્વનાથના મંદિરે જવા માટે કેટલી સાંકડી ગલીઓમાંથી પસાર થવું પડતું હતું અને આજે કાશી વિશ્વનાથ કોરિડોર બન્યા બાદ આ પરિસરનો નજારો ખૂબ ભવ્ય થઈ ગયો છે. કાશી આજે ૩૫૨ વર્ષ બાદ ફરીથી ઐતિહાસિક પળનું સાક્ષી બનશે. રાણી અહિલ્યાબાઈએ ૩૫૨ વર્ષ પહેલાં કાશી વિશ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. ત્યારબાદ મહારાજા રણજીતસિંહે બાબા વિશ્વનાથના મંદિરના શિખર પર સોનાની પરત ચડાવી હતી અને હવે ૨૦૨૧માં કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ પૂરું થઈ ગયું છે, જેનાથી મંદિર પરિસરનો નજારો અદ્ભુત થઈ ગયો છે. અત્રે જણાવવાનું કે વારાણસીમાં બાબા વિશ્વનાથના મુખ્ય મંદિરની આજુબાજુ સેંકડો અન્ય મંદિરો હતાં. જેનું અધિગ્રહણ કરીને કાશી વિશ્વનાથ કોરિડોરનું નિર્માણ કરવું ખૂબ જ જટિલ પ્રક્રિયા હતી. કદાચ આ કારણે જ કોઈ અન્ય સરકારે કાશી વિશ્વનાથ કોરિડોર બનાવવાનો નિર્ણય લેવાની હિંમત ન કરી. અત્રે જણાવવાનું કે કાશી વિશ્વનાથ કોરિડોર લગભગ સવા ૫ લાખ સ્ક્વેર ફૂટમાં બનાવવામાં આવ્યું છે. કાશી વિશ્વનાથ કોરિડોર બનાવવા માટે સેંકડો ઘરોનું અધિગ્રહણ કરાયું. આ દરમિયાન વિરોધ પણ થયો, પરંતુ આખરે સરકારને સફળતા મળી.



કારણે દર્શન માટે કલાકો સુધી પ્રતીક્ષા કરવી પડતી હતી, તેના કારણે જે તકલીફ પડતી હતી તે પણ ઓછી થશે. અગાઉ અહીંનો મંદિરવિસ્તાર માત્ર ૩૦૦૦ ચો.ફૂટ હતો તે હવે લગભગ ૫ લાખ ચો.ફૂટમાં ફેરવાઈ ગયો છે. હવે મંદિર અને મંદિર પરિસરમાં ૫૦, ૬૦, ૭૦ હજાર શ્રદ્ધાળુઓ આવી શકશે. એટલે કે પહેલાં મા ગંગાનાં દર્શન, સ્નાન અને ત્યાંથી સીધા જ વિશ્વનાથ ધામ. આ તો છે - હર હર મહાદેવ.

### કાશી તો અવિનાશી છે આ વિશ્વનાથ ધામ, તે બાબા, તમારા આશીર્વાદથી બન્યું છે

જ્યારે હું બનારસ આવ્યો હતો ત્યારે એક વિશ્વાસ સાથે આવ્યો હતો. વિશ્વાસ મારા કરતાં વધુ બનારસના લોકો પર હતો. તમારી પર હતો. આજે હિસાબ - કિતાબ કરવાનો સમય નથી, પણ મને યાદ છે કે તે સમયે કેટલાક લોકો એવા પણ હતા કે જે બનારસના લોકો પર શંકા કરતા હતા. કેવું બનશે, બનશે કે નહીં બને, અહીં તો આવું જ ચાલે છે. આ મોદીજી જેવા તો અહીંયાં અનેક લોકો આવીને ગયા. મને અચરજ થતું હતું કે બનારસ માટે આવી ધારણાઓ કરવામાં આવી રહી હતી. આવા તર્ક કરવામાં આવતા હતા! આ જડતા બનારસની ન હતી! હોઈ પણ શકે નહીં! ઓછી વધતી રાજનીતિ હતી. થોડો ઘણો કેટલાક લોકોનો અંગત સ્વાર્થ પણ હતો અને એટલા માટે જ બનારસ પર આરોપ મૂકવામાં આવતા હતા, પણ કાશી તો કાશી છે. કાશી તો અવિનાશી છે. કાશીમાં એક જ સરકાર છે. જેમના હાથમાં ડમરું છે તેમની સરકાર છે.



**આજનું ભારત માત્ર સોમનાથ મંદિરને જ સુંદર બનાવતું નથી, પણ સમુદ્રમાં હજારો કિલોમીટર ઓપ્ટિકલ ફાયબર પણ પાથરી રહ્યું છે. આજનું ભારત માત્ર બાબા કેદારનાથના મંદિરનો જે જીર્ણોદ્ધાર કરે છે તેટલું જ નહીં, પરંતુ પોતાની શક્તિથી ભારતીયોને અંતરિક્ષમાં મોકલવાની તૈયારી પણ કરી રહ્યું છે. આજનું ભારત અયોધ્યામાં માત્ર પ્રભુ શ્રી રામનું મંદિર જ બનાવી રહ્યું છે તેવું જ નહીં, પણ દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ પણ ખોલી રહ્યું છે. આજનું ભારત માત્ર બાબા વિશ્વનાથ ધામને ભવ્ય રૂપ આપી રહ્યું છે તેવું જ નથી, પણ તે ગરીબો માટે કરોડો ઘર પણ બાંધી રહ્યું છે.**

જ્યાં મા ગંગા પોતાની ધારા બદલીને વહે છે તે કાશીને કોણ રોકી શકે તેમ છે? કાશી ખંડમાં ખુદ ભગવાન શંકરે કહ્યું છે કે 'વિના મમ પ્રસાદમ્ વૈ કઃ કશી પ્રતિ-પદ્યતે' આનો અર્થ એવો થાય કે મારી પ્રસન્નતા વગર કાશીમાં કોણ આવી શકે છે, કોણ તેની સેવા કરી શકે છે? કાશીમાં મહાદેવજીની ઈચ્છા વગર કોઈ આવી શકતું નથી કે તેમની ઈચ્છા વગર કશું થઈ શકતું નથી. અહીંયાં જે કંઈપણ થાય છે તે મહાદેવની ઈચ્છાથી જ થાય છે. અહીંયાં જે કંઈ પણ થયું છે તે મહાદેવજીએ જ કર્યું છે. આ વિશ્વનાથ ધામ, તે બાબા, તમારા આશીર્વાદથી બન્યું છે. તેમની ઈચ્છા વગર પાંદડું પણ હલી શકે? કોઈ ગમે તેટલું મોટું હોય તો પણ તે પોતાના ઘરે હોય છે. અહીં બોલાવે ત્યારે જ તે આવી શકે છે, કશું કરી શકે છે.

બાબાની સાથે જો કોઈનું યોગદાન હોય તો તે બાબાના સમુદાયનું છે. બાબાનો સમુદાય એટલે કે આપણાં બધા કાશીવાસી, જે ખુદ મહાદેવજીનું રૂપ છે. જ્યારે જ્યારે બાબાને પોતાની શક્તિનો અનુભવ કરાવવો હોય તો તે કાશીવાસીઓના માધ્યમથી જ કરાવે છે, પછી કાશી કરે છે અને લોકો જુએ છે. 'ઈદમ શિવાય, ઈદમ્ ન મમ'.

### શ્રમિક ભાઈ-બહેનોનો પણ આભાર વ્યક્ત કરવા માંગું છું

ભાઈઓ અને બહેનો, હું આજે આપણાં દરેક શ્રમિક ભાઈ-બહેનોનો પણ આભાર વ્યક્ત કરવા માંગું છું,





**અહીંયાં ઔરંગઝેબ આવે છે તો શિવાજી પણ ઊભા થાય છે. જો કોઈ સાલાર મસૂદ અહીં આવે છે તો રાજા સુહેલદેવ જેવા વીર યોદ્ધા પણ તેને આપણી તાકાતનો અનુભવ કરાવે છે**

## હવે ગંગાઘાટથી સીધા જ પરમેશ્વર મહાદેવનાં દર્શન થઈ શકશે

**કાશી વિશ્વનાથ ધામ લગભગ ૫ લાખ ચોરસ ફૂટમાં બનેલું છે. વડાપ્રધાન મોદીની સાથે સાથે અનેક સંતો અને મહંતો કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. ૧૨ જ્યોતિર્લિંગ અને ૫૧ સિદ્ધપીઠોના પૂજારીઓની ઉપસ્થિતિમાં વડાપ્રધાન મોદીના હસ્તે સોમવારે કોરિડોરનું ઉદ્ઘાટન કરાયું હતું. હવે ગંગાઘાટથી સીધા જ પરમેશ્વર મહાદેવનાં દર્શન થઈ શકશે, આખા કોરિડોરમાં ૧૨૫ નાનાં મોટાં મંદિરો બનાવવામાં આવ્યાં છે. હવે કાશી વિશ્વનાથ મંદિરમાં આવતા ભક્તોને સાંકડી શેરીઓ અને સાંકડા રસ્તાઓમાંથી પસાર થવું નહીં પડે. આ કોરિડોરના નિર્માણ પછી, બાબા વિશ્વનાથ કોરિડોરના માર્ગ પર ગંગા ઘાટથી સીધા જ જઈ શકાય છે. તેની કુલ કિંમત ૯૦૦ કરોડ રૂપિયા છે. કાશીને વિશ્વના સૌથી પવિત્ર શહેરોમાંનું એક ગણવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે ભગવાન વિશ્વનાથ અહી બ્રહ્માંડના સ્વામી તરીકે નિવાસ કરે છે. કાશી વિશ્વનાથ મંદિર ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે.**

જેમનો પરસેવો આ ભવ્ય પરિસરના નિર્માણમાં વહ્યો છે. કોરોનાના આ કપરા કાળમાં પણ તેમણે અહીંયાં કામ અટકવા દીધું નથી. મને હમણાં આપણા આ શ્રમિક સાથીઓને મળવાની તક પ્રાપ્ત થઈ, તેમના આશીર્વાદ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આપણા કારીગરો, આપણા સિવિલ એન્જિનિયરો સાથે જોડાયેલા વહીવટ કરતા લોકો, એ પરિવાર કે જેમના અહીંયાં ઘર હતાં. હું તમામને અભિનંદન પાઠવું છું અને તેમની સાથે સાથે હું ઉત્તર પ્રદેશ સરકારના આપણા કર્મયોગી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથજીને અને તેમની સંપૂર્ણ ટીમને પણ અભિનંદન પાઠવું છું કે જેમણે કાશી વિશ્વનાથ ધામ યોજના પૂરી કરવા માટે દિવસ- રાત એક કર્યાં હતાં.

આપણી આ વારાણસીએ યુગો જીવ્યા છે, ઈતિહાસને બનતો અને બગડતો પણ જોયો છે. કેટલાય કાલખંડ આવીને ગયા, ઘણી જ સલ્તનતો ઊભી થઈ અને માટીમાં ભળી ગઈ, પરંતુ બનારસ અકબંધ રહ્યું છે. બનારસ પોતાનો રસ પ્રસારી રહ્યું છે. બાબાનું આ ધામ માત્ર શાશ્વત જ છે એટલું જ નહીં, પણ તેના સૌંદર્યથી હંમેશા સંસાર આશ્ચર્યચકિત અને આકર્ષિત થતો રહ્યો છે. આપણાં પુરાણોમાં પ્રાકૃતિક આભાથી ઘેરાયેલી કાશીના દિવ્ય સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આપણે જો પ્રાચીન ગ્રંથોમાં જોઈશું તો ઈતિહાસકારોએ પણ વૃક્ષો, સરોવરો અને તળાવોથી ઘેરાયેલા કાશીના અદ્ભુત સ્વરૂપની પ્રશંસા કરી છે, પણ સમય ક્યારેય એકસરખો રહેતો નથી. હુમલાખોરોએ આ નગરી પર આક્રમણ કર્યું, તેને ધ્વસ્ત કરવાના પ્રયાસ કર્યા! ઔરંગઝેબના અત્યાચાર અને તેના આતંકનો ઈતિહાસ સાક્ષી છે, જેણે સભ્યતાને તલવારના બળથી બદલવાની કોશિશ કરી, જેણે સંસ્કૃતિને કટ્ટરતા વડે કચડી નાંખવાની કોશિશ કરી ! પણ આ દેશની માટી બાકીની દુનિયા કરતાં થોડી અલગ હતી. અહીંયાં ઔરંગઝેબ આવે છે તો શિવાજી પણ ઊભા થાય છે. જો કોઈ સાલાર મસૂદ અહીં આવે છે તો રાજા સુહેલદેવ જેવા વીર યોદ્ધા પણ તેને આપણી તાકાતનો અનુભવ કરાવે છે.



અને અંગ્રેજોના કાળમાં પણ વોરેન હેસ્ટિંગ્સના કેવા હાલ કાશીના લોકોએ કર્યા હતા. તે કાશીના લોકો સમયે સમયે બોલતા રહેતા હોય છે. અને કાશીના મોંઢેથી આ બહાર આવે છે. ઘોડા પર અને હાથી પર સવારી કરીને વોરન હેસ્ટિંગ્સ જીવ બચાવી ભાગ્યો હતો. આજે સમયનું ચક્ર તો જુઓ. આતંકના પર્યાય સમાન ઈતિહાસના કાળા પાના સુધી અટકીને રહી ગયો છે અને મારું કાશી આગળ વધી રહ્યું છે. પોતાના ગૌરવને તે એક નવી ભવ્યતા આપી રહી છે.

**કાશી એવું સ્થળ છે કે જ્યાં પ્રેમ જ પરંપરા છે**

કાશી અંગે હું જેટલું પણ બોલું છું તેટલો તેમાં ડૂબતો જાઉં છું અને તેટલો જ ભાવુક બનતો જાઉં છું. કાશી શબ્દોનો વિષય નથી. કાશી સંવેદનાની સૃષ્ટિ છે. કાશી એક એવું સ્થળ છે કે જ્યાં જાગૃતિ જ જીવન છે. કાશી એવું સ્થળ છે કે જ્યાં મૃત્યુ પણ મંગળ છે. કાશી એવું સ્થળ છે કે જ્યાં સત્ય જ સંસ્કાર છે. કાશી એવું સ્થળ છે કે જ્યાં પ્રેમ જ પરંપરા છે.

**અહીંના દરેક પથ્થર શંકર છે**

ભાઈઓ અને બહેનો, આપણાં શાસ્ત્રોએ પણ કાશીનો મહિમા વર્ણવ્યો છે અને છેલ્લે તેમણે શું કહ્યું હતું 'નેતિ- નેતિ' જ કહ્યું છે. આનો અર્થ એ થાય કે આટલું જ નહીં, પણ તેનાથી આગળ પણ કશુંક છે. આપણાં શાસ્ત્રોમાં પણ કહ્યું છે કે 'શિવમ્ જ્ઞાનમ્ ઈતિ બ્રયુઃ શિવ શબ્દાર્થ ચિન્તકાઃ'નો અર્થ એ થાય છે કે શિવ શબ્દનું ચિંતન કરનારા લોકો શિવને જ જ્ઞાન કહે છે. એટલા માટે આ કાશી શિવમયી છે. આ કાશી જ્ઞાનમયી છે અને એટલા માટે જ્ઞાન, શોધ, સંશોધન એ કાશી અને ભારત માટે સ્વાભાવિક નિષ્ઠા બની રહ્યાં છે. ભગવાન શિવે સ્વયં કહ્યું હતું કે 'સર્વ ક્ષેત્રેષુ ભૂપૃષ્ઠે, કાશી ક્ષેત્રમ્ ચ મે વપુઃ'નો અર્થ એવો થાય છે કે ધરતીનાં તમામ ક્ષેત્રોમાં કાશી સાક્ષાત્ મારું જ શરીર છે. એટલા માટે અહીંના પથ્થર, અહીંના દરેક પથ્થર શંકર છે. એટલા માટે આપણે કાશીને સજીવ માનીએ છીએ અને આ ભાવનાને કારણે આપણને પોતાના દેશના કણ કણમાં માતૃભાવનો બોધ પ્રાપ્ત થાય છે. આપણાં શાસ્ત્રોનું વાક્ય છે 'દશ્યતે સવર્ગ સર્વેઃ, કાશ્યમ્ વિશ્વેશ્વરઃ તથા' એટલે કે કાશીમાં સર્વત્ર, દરેક જીવમાં ભગવાન વિશ્વેશ્વરનાં જ દર્શન થાય છે. એટલા માટે કાશી જીવત્વને સીધું શિવત્વ સાથે જોડે છે. આપણા ઋષિઓએ પણ કહ્યું છે કે 'વિશ્વેશં શરણં, યાયાં, સમે બુદ્ધિ પ્રદાસ્યતિ'નો અર્થ એવો થાય છે કે ભગવાન વિશ્વેશ્વરના શરણમાં આવવાથી સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય છે. બનારસ એક એવું નગર છે કે જ્યાંથી જગદ્‌ગુરુ શંકરાચાર્યને શ્રીડોમ રાજાની પવિત્રતાથી પ્રેરણા પ્રાપ્ત થઈ. તેમણે દેશને એકતાના સૂત્રમાં બાંધવાનો સંકલ્પ કર્યો. આ એ જગા છે કે જ્યાં ભગવાન શંકરની પ્રેરણાથી ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિત માનસ જેવી અલૌકિક રચના કરી હતી.


**રાણી લક્ષ્મીબાઈથી માંડીને ચંદ્રશેખર આઝાદ સુધીના અનેક સેનાનીઓની કર્મભૂમિ અને જન્મભૂમિ કાશી જ રહી છે**

અહીંની ધરતી પર આવેલા સારનાથમાં ભગવાન બુદ્ધનો બોધ દુનિયા માટે પ્રગટ થયો. સમાજસુધારણા માટે કબીરદાસ જેવા મનીષી અહીંયાં પ્રગટ થયા. જ્યારે સમાજને જોડવાની જરૂર હતી ત્યારે સંત રઈદાસની ભક્તિથી શક્તિનું કેન્દ્ર પણ આ કાશી બન્યું હતું. કાશી અહિંસા અને તપની પ્રતિમૂર્તિ જેવા ૪ જૈન તીર્થંકરોની પણ ધરતી છે. રાજા હરિશ્ચંદ્રની સત્યનિષ્ઠાથી માંડીને વલ્લભાચાર્ય અને રામાનંદજીના જ્ઞાન સુધી, ચૈતન્ય મહાપ્રભુથી માંડીને સમર્થ ગુરુ રામદાસથી માંડીને સ્વામી વિવેકાનંદ અને મદનમોહન માલવિયા સુધીના અનેક ઋષિઓ અને આચાર્યોનો સંબંધ કાશીની આ પવિત્ર સાથે જોડાયેલો રહ્યો છે.

છત્રપતિ શિવાજી મહારાજને અહીંથી પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. રાણી લક્ષ્મીબાઈથી માંડીને ચંદ્રશેખર આઝાદ સુધીના અનેક સેનાનીઓની કર્મભૂમિ અને જન્મભૂમિ કાશી જ રહી છે. ભારતેન્દુ હરિશ્ચંદ્ર, જયશંકર પ્રસાદ, મુન્શી પ્રેમચંદ, પંડિત રવિશંકર અને બિસ્મિલ્લા ખાન જેવી પ્રતિભાઓનું સ્મરણ ક્યાંથી ક્યાં સુધી ફેલાયેલું છે. ક્યાં સુધી જઈએ, કેટલું કહીએ, જે રીતે કાશી અનંત છે તે રીતે તેનો ભંડાર પણ અનંત છે, તેનું યોગદાન પણ અનંત છે. કાશીના વિકાસમાં આ અનંત પુણ્યાત્માઓની ઊર્જા સામેલ થયેલી છે. આ વિકાસથી ભારતને અનંત પરંપરાઓનો વારસો પ્રાપ્ત થયો છે. એટલા માટે દરેક મત-મતાંતરના લોકો, દરેક ભાષા અને વર્ગના લોકો જ્યારે અહીંયાં આવે છે ત્યારે અહીંની જગા સાથે પોતાના જોડાણનો અનુભવ કરે છે.



**લગભગ ૫ લાખ ચોરસ ફૂટમાં બનેલું કાશી વિશ્વનાથ ધામ સંપૂર્ણ રીતે તૈયાર છે. આ ભવ્ય કોરિડોરમાં ૨૩ નાની-મોટી ઇમારતો અને ૨૭ મંદિરો છે. આ આખો કોરિડોર લગભગ ૫૦,૦૦૦ ચોરસ મીટરના વિશાળ સંકુલમાં બનાવવામાં આવ્યો છે. આ કોરિડોરને ૩ ભાગોમાં વહેંચવામાં આવ્યો છે, જેમાં ૪ મોટા દરવાજા અને પ્રદક્ષિણા માર્ગ પર ૨૨ આરસના શિલાલેખ લગાવવામાં આવ્યા છે, જેમાં કાશીનો મહિમા વર્ણવવામાં આવ્યો છે**



### આ મંદિરનું પુનઃ નિર્માણ માતા અહલ્યાબાઈ હોલકરે કરાવ્યું હતું

કાશી આપણા ભારતની સાંસ્કૃતિક, આધ્યાત્મિક રાજધાની તો છે જ, પણ તે ભારતના આત્માનો એક અનંત અવતાર પણ છે. તમે જુઓ, પૂર્વ અને ઉત્તરને જોડતા આ ઉત્તર પ્રદેશમાં વસેલી કાશી નગરી, અહીંના વિશ્વનાથ મંદિરને તોડી પાડવામાં આવ્યું તો આ મંદિરનું પુનઃ નિર્માણ માતા અહલ્યાબાઈ હોલકરે કરાવ્યું હતું. તેમની જન્મભૂમિ મહારાષ્ટ્ર હતી, તેમની કર્મભૂમિ ઇંદોર-માહેશ્વર હતી અને અનેક વિસ્તારોમાં હતી. તે માતા અહલ્યાબાઈ હોલકરને આ પ્રસંગે હું નમન કરું છું. ૨૦૦થી ૨૫૦ પૂર્વે તેમણે કાશી માટે આટલું બધું કર્યું હતું. તે પછી કાશી માટે આટલું કામ થયું છે.

બાબા વિશ્વનાથ મંદિરની આભા વધારવા માટે પંજાબથી મહારાજા રણજીતસિંહે ૨૩ મણ સોનું ચડાવ્યું હતું. આ સોનું તેમના શિખર પર મઢવામાં આવ્યું હતું. પંજાબથી પૂજ્ય ગુરુ નાનકદેવજી કાશી આવ્યા હતા. અહીંયાં તેમણે સતસંગ કર્યો હતો. અન્ય શીખ ગુરુઓનો પણ કાશી સાથે વિશેષ સંબંધ રહ્યો છે. પંજાબના લોકોએ કાશી માટે દિલ ખોલીને દાન કર્યું છે. પૂર્વમાં બંગાળની રાણી ભવાનીએ બનારસના વિકાસ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દીધું હતું. મૈસૂર અને દક્ષિણ ભારતના અન્ય રાજાઓએ પણ બનારસ માટે ઘણું મોટું યોગદાન આપ્યું હતું. આ એક એવું શહેર છે કે જ્યાં તમને ઉત્તર- દક્ષિણ, નેપાળી લગભગ દરેક પ્રકારની શૈલીનાં મંદિરો જોવા મળશે. વિશ્વનાથ મંદિર આવી જ આધ્યાત્મિક ચેતનાનું કેન્દ્ર રહ્યું છે અને હવે આ વિશ્વનાથ ધામ પરિસર પોતાના ભવ્ય રૂપથી તે ચેતનાને ઊર્જા પૂરી પાડી રહ્યું છે.

દક્ષિણ ભારતના લોકોની કાશી તરફની આસ્થા, દક્ષિણ ભારતનો કાશી ઉપર અને કાશીનો દક્ષિણ ભારત ઉપરનો પ્રભાવ આપણે સારી રીતે જાણીએ છીએ. એક ગ્રંથમાં લખ્યું છે કે - તેનો પયાથેન કદાચનાત, વારાણસિમ્ પાપ નિવારણન્. આવાદી વાણી બલિનાહ, સ્વશિષ્યન્, વિલોક્ય લીલા-વાસરે, વલિપ્તાન. કન્નડ ભાષામાં એવું કહેવામાં આવ્યું છે. આનો અર્થ એ થાય કે જગદ્‌ગુરુ માધવાચાર્યજી પોતાના શિષ્યો સાથે ચાલી રહ્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે કાશીના વિશ્વનાથ પાપનું નિવારણ કરે છે. તેમણે પોતાના શિષ્યોને કાશીનો વૈભવ અને તેના મહિમા બાબતે પણ સમજ આપી હતી.

### કાશીમાંથી નીકળેલો દરેક સંદેશ એટલો વ્યાપક છે કે તે દેશની દિશા બદલી નાંખે છે

સદીઓ પહેલાંની ભાવના નિરંતર ચાલી આવી રહી છે. મહાકવિ સુબ્રમણ્યમ્ ભારતીના કાશીના પ્રવાસે તેમના જીવનની દિશા બદલી નાંખી હતી. તેમણે એક જગાએ તમિલમાં



લખ્યું છે કે, 'કાશી નગર પુલવર પેસુમ ઉરઈ દાન, કાન્જિઈલ કે -પદાકૌર, ખરૂવિ સેવોમ'નો અર્થ એવો થાય છે કે 'કાશી નગરના સંત કવિના ભાષણ કાંચીપુરમાં સાંભળવાના સાધન બનાવીશું.' જેનો અર્થ એ થાય છે કે કાશીમાંથી નીકળેલો દરેક સંદેશ એટલો વ્યાપક છે કે તે દેશની દિશા બદલી નાંખે છે. હું વધુ એક વાત પણ અહીં કરીશ. મારો જૂનો અનુભવ છે કે ઘાટ પર રહેનારા આપણાં લોકો, નાવ ચલાવનારા લોકો અને અનેક બનારસી સાથીઓએ કે જેનો તમે પણ ક્યારેક અનુભવ કર્યો હશે કે તમિલ, કન્નડ, તેલુગુ, મલયાલમ વગેરે ભાષાઓ એટલી પ્રભાવી રીતે બોલાય છે કે એવું લાગે આ લોકો કેરળ, તમિલનાડુ કે કર્ણાટકથી તો આવ્યા નથીને. આવી ઉત્તમ ભાષા તે બોલે છે.

## દ્વાદશ જ્યોતિર્લિંગોનું સ્મરણ કરવાથી સંપૂર્ણ ભારતનો ભાવ ઊભો થાય છે

ભારતની હજારો વર્ષ જૂની ઊર્જા આવી જ રીતે સુરક્ષિત રહી છે, સંરક્ષિત રહી છે. જ્યારે અલગ અલગ સ્થળેથી, અલગ અલગ વિસ્તારોમાંથી આવનારા લોકો અહીંયાં એક સૂત્રથી જોડાય છે ત્યારે ભારત 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' સ્વરૂપે જાગૃત થાય છે. એટલા માટે આપણે 'સૌરાષ્ટ્રે સોમનાથમ્'થી માંડીને 'અયોધ્યા, મથુરા, માયા, કાશી, કાંચી, અવંતિકા'નું દરરોજ સ્મરણ કરવાનું શીખવે છે. આપણે ત્યાં દ્વાદશ જ્યોતિર્લિંગોનું સ્મરણ કરવાથી ફળ મળે છે એવું કહેવામાં આવે છે. 'તસ્ય તસ્ય ફલ પ્રાપ્તિઃ, ભવિષ્યતિ ન સંશયઃ'નો અર્થ થાય છે કે સોમનાથથી માંડીને વિશ્વનાથ સુધી ૧૨ જ્યોતિર્લિંગનું સ્મરણ કરવાથી દરેક સંકલ્પ સિદ્ધ થાય છે એ વાતમાં કોઈ સંશય નથી. આ સંશય એટલા માટે નથી કે તેના સ્મરણના બહાને સંપૂર્ણ ભારતનો ભાવ એક જૂથ થાય છે અને ત્યારે ભારતનો ભાવ આવે છે તો સંશય ક્યાંથી રહી શકે. કશું જ અસંભવ રહેતું નથી.

## કાશી વિશ્વનાથ ધામનું લોકાર્પણ આપણા કર્તવ્યનું સાક્ષી છે

એ પણ માત્ર સંયોગ નથી કે જ્યારે પણ કાશી કરવટ લે છે ત્યારે કશુંક નવું કરે છે. દેશનું ભાગ્ય બદલાય છે. વીતેલાં ૭ વર્ષોમાં કાશીમાં ચાલી રહેલો વિકાસનો મહાયજ્ઞ આજે એક નવી ઊર્જા પ્રાપ્ત કરી રહ્યો છે. કાશી વિશ્વનાથ ધામનું લોકાર્પણ ભારતને એક નવી ઊર્જા આપી રહ્યું છે. એક ઉજ્જવળ ભવિષ્ય તરફ લઈ જશે. આ પરિસર આપણા સામર્થ્યનું સાક્ષી છે. આપણા કર્તવ્યનું સાક્ષી છે. જો વિચાર કર્યો હોય તો, નિશ્ચય કર્યો હોય તો કશું જ અસંભવ હોતું નથી. દરેક ભારતવાસીની ભૂજાઓમાં તે બળ છે કે જે અકલ્પનીયને પણ સાકાર કરે છે. આપણે તપ જાણીએ છીએ અને તપસ્યાને પણ જાણીએ છીએ. દેશ માટે દિવસ-રાત મરી-મીટવાનું પણ જાણીએ છીએ. પડકાર ગમે તેટલો મોટો જ કેમ ના હોય, આપણે સૌ ભારતીય મળીને તેને પરાસ્ત કરી શકીએ છીએ. વિનાશ કરનારની શક્તિ ક્યારેય પણ ભારતની

### કાશી વિશ્વનાથ કોરિડોર

આ કોરિડોરમાં મંદિર ચોક, મુમુક્ષુ ભવન, ત્રણ પેસેન્જર સુવિધા કેન્દ્ર, ચાર શોપિંગ કોમ્પ્લેક્સ, મલ્ટીપર્પઝ હોલ, સિટી મ્યુઝિયમ, વારાણસી ગેલેરી જેવી સુવિધાઓ પણ ગોઠવવામાં આવી છે. જો કોઈ વ્યક્તિ ગોદોલિયા દરવાજાથી કાશી વિશ્વનાથ કોરિડોરમાં પ્રવેશ કરશે, તો યુટિલિટી બિલ્ડિંગ. સિક્યુરિટી ઓફિસ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત પેસેન્જર ફેસિલિટેશન સેન્ટર નંબર ૧ અને ૨ સરસ્વતી ગેટ તરફ છે, જેમાં ચુનારનો ગુલાબી પથ્થર, મકરાણાનો સફેદ આરસપહાણ અને વિયેતનામના ખાસ પથ્થરોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મંદિરનો ૨૫૦ વર્ષ બાદ પ્રથમવાર જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. આ કોરિડોર બન્યા બાદ ભક્તો ગંગાકિનારેથી ૫૦ ફૂટના રસ્તા પરથી બાબા વિશ્વનાથનાં દર્શન કરી શકશે. કાશી વિશ્વનાથ ધામમાં મહાદેવના પ્રિય છોડ રૂદ્રાક્ષ, બેલ, પારિજાત, આસોપાલવ રોપવામાં આવશે. બાબા વિશ્વનાથ મંદિર માટે પ્રસાદ તૈયાર કરવામાં આવી રહ્યો છે, જે ૮ લાખથી વધુ પરિવારોને વહેંચવામાં આવશે. આ પ્રોજેક્ટનો શિલાન્યાસ વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૮ માર્ચ ૨૦૧૯ના રોજ કર્યો હતો, એક વટહુકમ દ્વારા, ઉત્તર પ્રદેશ સરકારે મંદિર પરના વિસ્તારને વિશેષ વિસ્તાર તરીકે જાહેર કર્યો હતો. ત્યાર બાદ આસપાસની ઘણી ઈમારતો હસ્તગત કરવામાં આવી હતી.



શક્તિ અને ભારતની ભક્તિથી મોટી હોતી નથી. યાદ રાખો, જે દૃષ્ટિથી આપણે પોતાને જોઈશું તે જ દૃષ્ટિથી વિશ્વ પણ આપણને જોશે. મને આનંદ છે કે સદીઓ જૂની ગુલામીએ આપણી ઉપર જે પ્રભાવ પાથર્યો હતો, જે ખરાબ ભાવનાથી ભારતને ભરી દેવામાં આવ્યો હતો. હવે આજનું ભારત તેમાંથી બહાર નીકળી ચૂક્યું છે. આજનું ભારત માત્ર સોમનાથ મંદિરને જ સુંદર બનાવતું નથી, પણ સમુદ્રમાં હજારો કિલોમીટર ઓપ્ટિકલ ફાયબર પણ પાથરી રહ્યું છે. આજનું ભારત માત્ર બાબા કેદારનાથના મંદિરનો જે જીર્ણોદ્ધાર કરે છે તેટલું જ નહીં, પરંતુ પોતાની શક્તિથી ભારતીયોને અંતરિક્ષમાં મોકલવાની તૈયારી પણ કરી રહ્યું છે. આજનું ભારત અયોધ્યામાં માત્ર પ્રભુ શ્રી રામનું મંદિર જ બનાવી રહ્યું છે તેવું જ નહીં, પણ દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ પણ ખોલી રહ્યું છે. આજનું ભારત માત્ર બાબા વિશ્વનાથ ધામને ભવ્ય રૂપ આપી રહ્યું છે તેવું જ નથી, પણ તે ગરીબો માટે કરોડો ઘર પણ બાંધી રહ્યું છે.

**નૂતન ભારતમાં વારસો પણ છે અને વિકાસ પણ છે**

નૂતન ભારતને પોતાની સંસ્કૃતિનો ગર્વ પણ છે અને પોતાના સામર્થ્ય ઉપર પણ એટલો જ ભરોસો છે. નૂતન ભારતમાં વારસો પણ છે અને વિકાસ પણ છે. તમે જુઓ, જનકપુરથી આવવા-જવાનું સરળ બનાવવા માટે રામ-જાનકી માર્ગનું નિર્માણ થઈ રહ્યું છે. આજે ભગવાન રામ સાથે જોડાયેલાં સ્થળોને રામ સરકીટ સાથે જોડવામાં આવી રહ્યા છે અને સાથે સાથે રામાયણ ટ્રેન પણ ચલાવવામાં આવી રહી છે. બુદ્ધ સરકીટ ઉપર પણ કામ ચાલી રહ્યું છે, તો સાથે સાથે કુશીનગરમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ બનાવવામાં આવ્યું છે. કરતારપુર સાહેબ કોરિડોરનું નિર્માણ કરવામાં આવ્યું છે તો ત્યાં હેમકુંડ સાહેબજીના દર્શન સરળ બને તે માટે રોપવે બનાવવાની તૈયારીઓ પણ ચાલી રહી છે. ઉત્તરાધામમાં ચારધામ સડક મહા પરિયોજનાનું કામ પણ ઝડપથી ચાલી રહ્યું છે. ભગવાન વિઠ્ઠલના કરોડો ભક્તોના આશીર્વાદથી શ્રી સંત જ્ઞાનેશ્વર મહારાજ પાલખી માર્ગ અને સંત તુકારામ મહારાજ પાલખી માર્ગનું કામ પણ હમણાં થોડાંક અઠવાડિયાં પહેલાં જ શરૂ થઈ ચૂક્યું છે.

કેરાળામાં ગુરૂવાયુર મંદિર હોય કે પછી તમિલનાડુમાં કાંચીપુરમ-વેલન્કાની, તેલંગણાનું જોગુલાંબા દેવી મંદિર હોય કે પછી બંગાળનો બેલૂર મઠ હોય, ગુજરાતમાં દ્વારકાજી હોય કે પછી અરુણાચલ પ્રદેશનો પરશુરામ કુંડ હોય. દેશનાં અલગ અલગ રાજ્યોમાં આપણી આસ્થા અને સંસ્કૃતિ સાથે જોડાયેલા આવાં અનેક પવિત્ર સ્થળો માટે સંપૂર્ણ ભક્તિભાવ સાથે કામ કરવામાં આવી રહ્યું છે, કામ ચાલી રહ્યું છે.

**મા અન્નપૂર્ણાની પ્રતિમા એક સદીની પ્રતીક્ષા પછી, ૧૦૦ વર્ષ પછી હવે ફરીથી કાશીમાં સ્થાપિત થઈ ચૂકી છે**

ભાઈઓ અને બહેનો, આજનું ભારત પોતાના ખોવાયેલા વારસાને ફરીથી સજાવી રહ્યું છે. અહીંયાં કાશીમાં તો માતા અન્નપૂર્ણા ખુદ બિરાજમાન છે. મને આનંદ છે કે કાશીમાંથી ચોરવામાં આવેલી મા અન્નપૂર્ણાની પ્રતિમા એક સદીની પ્રતીક્ષા પછી, ૧૦૦ વર્ષ પછી હવે ફરીથી કાશીમાં સ્થાપિત થઈ ચૂકી છે. માતા અન્નપૂર્ણાની કૃપાથી કોરોનાના કઠિન સમયમાં દેશે પોતાના અન્ન ભંડાર ખોલી દીધા હતા. કોઈ ગરીબ ભૂખે ના સૂએ તેનું ધ્યાન રાખ્યું હતું. મફત રાશનની પણ વ્યવસ્થા કરી હતી.

**પ્રથમ સંકલ્પ છે - સ્વચ્છતા, બીજો - સર્જન અને ત્રીજો સંકલ્પ છે - આત્મનિર્ભર ભારત માટે સતત પ્રયાસ**

જ્યારે પણ આપણે ભગવાનનાં દર્શન કરીએ છીએ, મંદિરમાં જઈએ છીએ, ઘણી વખત ભગવાન પાસેથી કશુંક માંગીએ છીએ. કોઈ સંકલ્પ લઈને પણ જતા હોઈએ છીએ. મારા માટે તો જનતા જનાર્દન ઈશ્વરનું જ સ્વરૂપ છે. મારા માટે ભારતવાસી ઈશ્વરનો જ અંશ છે. જે રીતે બધા લોકો ભગવાન પાસે જઈને માંગે છે ત્યારે હું તમને જ ભગવાન માનું છું. જનતા જનાર્દનને જ ઈશ્વરનું સ્વરૂપ માનું છું. તો હું આજે તમારી પાસે કશુંક માંગવા ઈચ્છું છું. હું તમારી પાસે કશુંક માંગુ છું. હું મારા પોતાના માટે નહીં, પણ આપણા દેશ માટે ત્રણ સંકલ્પની ઈચ્છા રાખું છું. તમે ભૂલતા નહીં. ત્રણ સંકલ્પની ઈચ્છા છે અને હું તે બાબાની પવિત્ર ધરતી પરથી માંગી રહ્યો છું. પ્રથમ સંકલ્પ છે - સ્વચ્છતા, બીજો - સર્જન અને ત્રીજો સંકલ્પ છે - આત્મનિર્ભર ભારત માટે સતત પ્રયાસ. સ્વચ્છતા જીવનશૈલી હોય છે,



સ્વચ્છતા શિસ્ત હોય છે. તે પોતાની સાથે કર્તવ્યોની એક ખૂબ મોટી સાંકળ લઈને આવે છે. ભારત ભલે ગમે તેટલો વિકાસ કરે, જો સ્વચ્છતા નહીં હોય તો આપણા માટે આગળ ધપવાનું મુશ્કેલ બની જશે. આપણે આ દિશામાં ઘણું બધું કામ કર્યું છે, પણ આપણે પોતાના પ્રયાસોને આગળ ધપાવવા પડશે. કર્તવ્યની ભાવનાથી સભર તમારો એક નાનો સરખો પ્રયાસ દેશને ખૂબ મોટી મદદ કરશે. અહીંયાં બનારસમાં પણ, શહેરમાં, ઘાટ ઉપર સ્વચ્છતાને એક નવા સ્તર પર લઈ જવાની છે. ગંગાજીની સ્વચ્છતા માટે ઉત્તરાખંડથી માંડીને બંગાળ સુધી ઘણા પ્રયાસો ચાલી રહ્યા છે. નમામિ ગંગે અભિયાનને સફળતા પ્રાપ્ત થાય તે માટે આપણે સજાગ રહીને કામ કરતા રહેવું પડશે.

## આત્મવિશ્વાસથી સર્જન કરવા, કશુંક નવું કરવા અને કંઈક નવા પ્રકારે કરવા માટે અનુરોધ કરું છું

ગુલામીના લાંબા કાલખંડમાં આપણે ભારતીયોએ પોતાનો આત્મવિશ્વાસ એવી રીતે તૂટવા દીધો કે જેથી આપણે સર્જનમાં વિશ્વાસ ખોઈ બેઠા. આજે હજારો વર્ષ જૂની આ કાશીમાંથી હું દરેક દેશવાસીને સંપૂર્ણ આત્મવિશ્વાસથી સર્જન કરવા, કશુંક નવું કરવા અને કંઈક નવા પ્રકારે કરવા માટે અનુરોધ કરું છું. જ્યારે ભારતનો યુવાન કોરોનાના આ મુશ્કેલ સમયમાં પણ સેંકડો સ્ટાર્ટઅપ બનાવી શકતો હોય, આટલા પડકારોની વચ્ચે ચાલીસથી વધુ યૂનિકોર્ન બનાવી શકતો હોય તો તે દર્શાવે છે કે તે કંઈ પણ કરી શકે છે. તમે વિચાર કરો, એક યૂનિકોર્ન એટલે કે એક સ્ટાર્ટઅપ આશરે સાત સાત કરોડ રૂપિયાથી પણ વધુ રકમનું હોય છે અને વીતેલા એક-દોઢ વર્ષમાં બન્યા છે. આટલા ઓછા સમયમાં આ અભૂતપૂર્વ કામ થયું છે. દરેક ભારતવાસી જે પણ વિસ્તારમાં હોય, દેશ માટે તે કશુંક નવું કરવાનો પ્રયાસ કરતો રહેશે તો નવો માર્ગ મળશે. નવા રસ્તા મળશે અને દરેક નવી મંજિલ મેળવીને જ રહેશે.

## કાશી વિશ્વનાથ મંદિરનો ઈતિહાસ

**કાશી વિશ્વનાથ મંદિરના ઈતિહાસ પર જો નજર કરીએ તો ઓરંગઝેબના ફરમાન બાદ ૧૬૬૯માં મુગલ સેનાએ વિશ્વેશ્વર મંદિર ધ્વસ્ત કરી નાખ્યું હતું. જો કે, સ્વયંભૂ જ્યોતિર્લિંગને નુકસાન ન પહોંચે તે માટે જ્ઞાનવાપી કુંડમાં કૂદી ગયા હતા. હુમલા દરમિયાન મોગલ સેના મંદિરની બહાર સ્થાપિત વિશાળ નંદીની પ્રતિમાને પણ ક્ષતિ પહોંચાડવામાં નિષ્ફળ રહી હતી. ત્યારથી મંદિરથી દૂર રહેલા જ્ઞાનવાપી કૂપ અને વિશાળ નંદીની પ્રતિમાને મંદિર પરિસરમાં સામેલ કરી લેવામાં આવ્યા છે. છેલ્લાં ૩૫૨ વર્ષથી આ કૂપ મંદિર પરિસરથી દૂર હતો.**

## આત્મનિર્ભર ભારત આઝાદીનો અમૃતકાળ

ભાઈઓ અને બહેનો, ત્રીજો એક સંકલ્પ જે આજે આપણે લેવાનો છે તે - આત્મનિર્ભર ભારત માટે પોતાના પ્રયાસ વધારવાનો છે. આ આઝાદીનો અમૃતકાળ છે. આપણે આઝાદીના ૭૫મા વર્ષમાં છીએ. ભારત જ્યારે ૧૦૦ વર્ષની આઝાદીનો સમારંભ ઊજવતો હશે ત્યારે ભારત કેવું હશે તેના માટે આપણે સૌએ કામ કરવાનું રહેશે અને તેના માટે આપણે આત્મનિર્ભર બનવું જરૂરી છે. જ્યારે આપણે દેશમાં બનેલી ચીજો માટે ગર્વ કરીશું, જ્યારે લોકલ માટે વૉકલ બનીશું, જ્યારે આપણે આવી ચીજો ખરીદીશું કે જેને બનાવવામાં કોઈ ભારતીયનો પરસેવો વહ્યો હશે તેવા અભિયાનને મદદ કરીશું. અમૃતકાળમાં ભારત ૧૩૦ કરોડ દેશવાસીઓના પ્રયાસોથી આગળ ધપી રહ્યું છે. મહાદેવની કૃપાથી, દરેક ભારતવાસીના પ્રયાસથી આપણે આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરી બતાવીશું તેવા વિશ્વાસ સાથે, હું બાબા વિશ્વનાથના, માતા અન્નપૂર્ણાના, કાશીના કોટવાલના અને તમામ દેવી-દેવતાઓના ચરણોમાં ફરી એક વખત નમન કરું છું. આટલી મોટી સંખ્યામાં દેશના અલગ અલગ ખૂણેથી પૂજ્ય સંત મહાત્મા અહીંયાં પધાર્યા છે તે આપણા માટે અને મારા જેવા સામાન્ય નાગરિક માટે એક સૌભાગ્યની ઘડી છે.

હું તમામ સંતોને, તમામ પૂજ્ય મહાત્માઓને મસ્તક ઝુકાવીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું, પ્રણામ કરું છું. હું આજે તમામ કાશીવાસીઓને, દેશવાસીઓને ફરી એક વખત અભિનંદન પાઠવું છું.


ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

હર હર મહાદેવ!

●



**મા ઉમિયાધામ વિકાસ પ્રોજેક્ટ એવો એક વિશાળ સેવાયજ્ઞ આવનારી પેઢીઓ માટે ખૂબ જ ઉપયોગી**



# આ દેશ જ્યારે 'આઝાદીનો અમૃત મહોત્સવ' ઊજવી રહ્યો છે, માતા ઊમિયાનું સ્થાન બની રહ્યું છે ત્યારે અનેક નવા સંકલ્પ કરીને આપણે બધા સાથે ચાલીએ

યુવા પેઢીને તૈયાર કરવા માટે, ભવિષ્યની પેઢીને તૈયાર કરવા માટે અને એ પણ સમાજના સહકારથી અહીં જે કામ કરવાનું આયોજન ઊભું કરવામાં આવ્યું છે તે ખૂબ જ પ્રશંસનીય છે અને આવકાર્ય પગલું છે. મને તો કહેવામાં આવ્યું હતું કે, તમે 'મા ઉમિયા શરણં મમઃ' મંત્રનો ૫૧ કરોડ વખત જાપ કરવા અને લખવા માટે એક અભિયાન ચલાવ્યું છે. તો એ પણ એક શક્તિનો ધોધ બની જતું હોય છે. અને તમે મા ઉમિયાના શરણે જઈને જનતા જનાર્દનની સેવાનો માર્ગ અપનાવ્યો છે. અને આજે, સંખ્યાબંધ મોટાં કાર્યોની શરૂઆત થઈ ગઈ છે. મા ઉમિયાધામ વિકાસ પ્રોજેક્ટ એવો એક વિશાળ સેવાયજ્ઞ આવનારી પેઢીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. અને આથી, આપ સૌ અભિનંદનના અધિકારી છો.

પરંતુ જ્યારે તમે યુવાધનને અનેક અવસર આપી રહ્યા છો અને તેમના માટે સંખ્યાબંધ સુવિધાઓ ઊભી કરી રહ્યા છો ત્યારે, આપ સૌને એક વાત કહેવાનું મને જરૂર મન થાય છે અને એ એટલે કે, વર્તમાન સમયે કૌશલ્યવિકાસના મહત્ત્વને પુરવાર કરી દીધું છે. કૌશલ્યવિકાસને તમારી સંસ્થાના દરેક પાસાની સાથે ક્યાંક ને ક્યાંક જોડતા જ રહેવું જોઈએ. અને તમે જરૂર આના પર વિચાર તો કર્યો જ હશે. જોકે, અત્યારે કૌશલ્યના મહત્ત્વને વધારવાની આવશ્યકતા છે. પહેલાંના સમયમાં, પરિવારની વ્યવસ્થા જ એવી રહેતી હતી કે એમાં આગળની પેઢીને વારસામાં કૌશલ્યવિકાસ આપવામાં આવતો હતો. હવે સમાજના તાંતણામાં ઘણું પરિવર્તન આવી ગયું છે. તો આપણે વ્યવસ્થા ગોઠવીને આ કરવું જોઈએ. અને દેશ અત્યારે 'આઝાદીનો અમૃત મહોત્સવ' માનવી રહ્યો છે ત્યારે, અને ગુજરાતમાં આપ સૌની સેવા કરવાનો મને મોકો મળ્યો; અને જ્યારે હવે તમને મને દેશની સેવા કરવાનો મોકો આપ્યો છે ત્યારે, મારી વાત હું જરૂર યાદ કરાવીશ કે 'આઝાદીના અમૃત મહોત્સવ'માં પણ સમાજને અને દેશને આપણે શું આપી શકીએ તેનો પણ એક દૃઢ સંકલ્પ કરીને આપણે અહીંથી જવું જોઈએ. એ વાત સાચી છે કે જ્યારે જ્યારે હું તમારી વચ્ચે આવ્યો છું, ત્યારે ઘણી બધી વાતો કરી છે, ઘણા બધા વિષયો પર મેં તમારો સાથ અને સહકાર માંગ્યો છે. અને તમે સૌએ મને આપ્યો પણ છે.

મને બરાબર છે, જ્યારે હું ઊંઝા એકવાર 'બેટી બચાવો' આંદોલન ચલાવવા માટે આવ્યો હતો અને મેં તમારા સૌની સાથે સંખ્યાબંધ વાત કરી હતી. મને માહિતી જાણવા મળી હતી કે, ઊંઝા કે જ્યાં માતા ઉમિયાનું ધામ હોય ત્યાં દીકરીઓના જન્મની સંખ્યા ઘટતી જાય એ તો આપણા માટે મોટું કલંક કહેવાય. અને તે સમયે મેં તમારી પાસેથી એક વચન માંગ્યું હતું કે, આપણે આ પરિસ્થિતિમાં સુધારો લાવવો છે. મારે આજે તમારા બધાનો આભાર માનવો છે કે, તમે બધાએ તે પડકાર સ્વીકાર્યો અને ધીરે ધીરે દીકરીઓની સંખ્યા દીકરાઓની બરાબરી કરે તેવી પરિસ્થિતિ પેદા થઈ. તમને પણ લાગતું હશે કે સમાજ માટે આ કેટલું જરૂરી છે. અને આપે કર્યું.

એવી જ રીતે મને બરાબર યાદ છે કે જ્યારે આપણે, નર્મદાનું પાણી આવવાની શરૂઆત થઈ, સુજલામ્ સુફલામ્‌ની યોજના બનાવી ત્યારે પણ મેં ઉત્તર ગુજરાતના ખેડૂતોને અને સૌરાષ્ટ્રના ખેડૂતોને તેમજ મા ઉમિયાના ભક્તોને ખાસ વિનંતી કરી હતી કે, ભલે પાણી આવ્યું છે પરંતુ આપણને



તો પાણીનું મહત્ત્વ ખૂબ સમજાય તે જરૂરી છે. બાકીના લોકો માટે 'જળ એ જ જીવન છે' તે માત્ર એક સૂત્ર છે. પરંતુ આપણે સૌ જાણીએ છીએ કે, આપણે પાણી વગર કેવા ટળવળતા રહ્યા છીએ. સહેજ વરસાદ ખેંચાય તો આપણા કેટલા દિવસો ખેંચાતા હતા અને આખું વરસ બગડી જાય એ આપણને ખબર હતી. અને તેથી આપણે પાણી બચાવવા માટે સંકલ્પબદ્ધ છીએ. મેં ઉત્તર ગુજરાતમાં મોટાપાયે ટપક સિંચાઈની પદ્ધતિ અપનાવવા કહ્યું હતું અને આપ સૌએ એને પણ આવકારી અને સ્વીકારી. સંખ્યાબંધ ક્ષેત્રોમાં ટપક સિંચાઈ પદ્ધતિનો અમલ થયો, પાણી પણ બચવા લાગ્યું, ખેતી પણ સારી થવા લાગી અને પાક પણ સારો થવા લાગ્યો.

**એવી રીતે આપણે આપણી ધરતી માતાની ચિંતા કરવાની વાત પણ કરી હતી. સોઈલ હેલ્થ કાર્ડની સમગ્ર પરંપરા આખા દેશમાં આપણે સૌથી પહેલાં ગુજરાતમાં શરૂ કરી છે અને હવે આખો દેશ તેને અનુસરે છે. આપણી જે ધરતી માતા છે, જે આપણને જિવાડે છે એની સ્થિતિ કેવી છે એ આમાંથી જોવામાં આવે છે. અને સોઈલ હેલ્થ કાર્ડ દ્વારા આપણે ધરતીની હાલત જાણતા હતા અને એમાં શું ખરાબી આવી છે, શું બીમારી આવી છે, શું જરૂરી છે એ જાણ્યું. એ બધું તો આપણે કર્યું પણ છતાંય, ઉત્પાદનનો મોહ, ઝડપથી બધું મળી જાય એ બધું આપણા માનવ-સ્વભાવનો ભાગ છે. એમાં જાત જાતનાં કેમિકલ, જાત જાતના ફર્ટિલાઈઝર અને દવાઓ એ આપણે ધરતી માતાના આરોગ્યની ચિંતા કર્યા વગર એમાં નાખતા જ ગયા. આજે હું આપની પાસે વિનંતી કરવા આવ્યો છું. આપણે જ્યારે મા ઉમિયાની સેવા કરવાનો સંકલ્પ લીધો છે ત્યારે આપણે આ ધરતી માને ભૂલી ના શકીએ. અને મા ઉમિયાના સંતાનોને ધરતી માતાને ભૂલી જવાનો કોઈ અધિકાર પણ નથી. આપણા માટે તો બંને બરાબર છે. આપણું જીવન જ ધરતી માતા છે અને આત્મ અધ્યાત્મ ઉમિયા માતા છે. અને તેથી, મારો આપ સૌને આગ્રહ છે કે, આપણે વેળાસર સંકલ્પ કરીએ, મા ઉમિયાની સાક્ષીએ સંકલ્પ કરીએ કે, હવે આપણે ઉત્તર ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી તરફ જઈશું, અને પ્રાકૃતિક ખેતીને બીજા અર્થમાં કહીએ તો ઝીરો બજેટવાળી ખેતી. ઘણા લોકોને થાય કે, આ મોદી સાહેબને ખેતીની શું સમજણ પડે, તેઓ કહ્યા કરે. ચાલો ભાઈ, મારી વાતમાં તમને તકલીફ થતી હોય તો એવું કરો કે, તમારી પાસે જો ૨ એકર જમીન હોય તો, આ વર્ષે એક એકરમાં પ્રાકૃતિક ખેતી અને એક એકરમાં જે દર વખતે કરતા હોય એમ કરો. આવતા વર્ષે પણ આવું જ કરી જુઓ. જો તમને ફાયદો થાય તો, બે વર્ષ પછી બંને એકરમાં પ્રાકૃતિક ખેતી કરવાનું શરૂ કરી દો. આનાથી તમારો ખર્ચો બચશે અને ધરતી માતાનો ફરી કાયાકલ્પ થઈ જશે. તેમનામાં નવી ચેતના આવી જશે. અને તમે પણ આવનારી અનેક પેઢીઓ માટે સારું કામ કરીને જશો. હું દૃઢપણે માનું છું. અને વૈજ્ઞાનિક રીતે આ બધું પુરવાર થયેલું છે. હું ૧૬મી તારીખે અમૂલ ડેરીના એક કાર્યક્રમમાં સંબોધન કરવાનો છું. અને એમાં પણ હું પ્રાકૃતિક ખેતી પર પણ ચર્ચા કરવાનો છું. હું તો તમને બધાને વિનંતી કરું છું કે, આ પ્રાકૃતિક ખેતી શું છે તેને સમજો, તેનો સ્વીકાર કરો અને મા ઉમિયાના આશીર્વાદ લઈને તેને આગળ ધપાવો. અને 'સબકા પ્રયાસ' એ જ તો આપણું સૂત્ર છે. 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ' અને હવે 'સબકા પ્રયાસ'.**

એવી જ રીતે, તમે જોયું હશે કે, ખાસ કરીને બનાસકાંઠામાં પાકની રૂપરેખા પણ બદલાઈ ગઈ છે. અનેક પ્રકારની નવી ખેતઊપજો અપનાવવામાં આવી છે. આવું કચ્છમાં પણ જોવા મળ્યું છે. કચ્છમાં પાણી પહોંચ્યું અને તેમણે ટપક સિંચાઈ સ્વીકારી તો આજે કચ્છમાંથી ફળફળાદિ વિદેશ જવા માંડ્યાં છે. આપણે ત્યાં પણ આવું થઈ શકે, તેના પર આપણે વિચાર કરીએ. આથી, મારો તો આગ્રહ છે કે, જ્યારે આજે મા ઉમિયાની સેવામાં તમે બધા ઘણાં કામો શરૂ કર્યાં છે; અને એ પણ સાચી વાત છે કે, આપણે જ્યારે મા ઉમિયાની આરાધના કરતા હોઈએ તો એમ લાગે કે, પરલોક માટે કરીએ છીએ; પરંતુ તમે મા ઉમિયાની આરાધનાની સાથે સેવા પણ જોડી છે; આથી, તમે પરલોકની સાથે સાથે આ લોકની પણ ચિંતા કરી છે. વર્તમાન પેઢી સક્ષમ બને અને તેમનું જીવન સમૃદ્ધ બને, તે માટે મને પાકો વિશ્વાસ છે કે આજના અવસરે મા ઉમિયાના આશીર્વાદ સાથે જે નવા પ્રયાસ શરૂ થયા છે, નવી યોજનાઓ શરૂ થઈ છે એ જરૂર ગુજરાતના વિકાસમાં અને દેશના વિકાસમાં મોટું યોગદાન આપશે.

●



**સ્ત્રી સશક્તીકરણનું જો કોઈ સૌથી ઉત્તમ ઉદાહરણ હોય તો તે અમુલ છે**

# સૌ એક સાથે મળીને આગળ વધીએ તો એક ખૂબ મોટી શક્તિ અને કાર્યસંસ્કૃતિનું નિર્માણ કરી શકીએ છીએ તે જ સહકારિતાનો મૂળ મંત્ર છે - શ્રી અમિતભાઈ શાહ




૨૮મી નવેમ્બરના રોજ ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અને કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના વરદ હસ્તે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એશિયાની સૌથી વિશાળ ડેરી અમુલ ફેડ ગાંધીનગર ખાતેના ૧૫૦ મેટ્રિક ટન પ્રતિ દિવસની ક્ષમતાના દૂધ પાવડર પ્લાન્ટ, બટર પ્લાન્ટ તેમજ ઓટોમેટિક રોબોટિક સ્ટોરેજ અને રેટ્રીવલ સિસ્ટમનું લોકાર્પણ તથા અદ્યતન પેકેજીંગ પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જુદી જુદી દૂધ મંડળીઓમાંના પ્રગતિશીલ મહિલા સભાસદોને સ્મૃતિચિહ્ન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રી અમિતભાઈ શાહે તેમના ઉદ્‌બોધનમાં કહ્યું હતું કે તે દિશામાં ૨૮૦ કરોડના ખર્ચે દૂધ પાવડર અને બટર પ્લાન્ટ, ઓટોમેટિક રોબોટિક સ્ટોરેજ, આધુનિક રેટ્રિવલ સિસ્ટમ અને ૫૦ કરોડના ખર્ચે પોલી ફિલ્મ પેકિંગ પ્લાન્ટનું લોકાર્પણ થયું છે જેના પરિણામે અમુલ વધુ વિકસિત અને વ્યાપક બનશે. તેઓએ કહ્યું કે અમુલનાં ત્રણ અંગો મહત્ત્વનાં છે, ૧૮ હજાર ગામડાંઓમાં દૂધ ઉત્પાદકો, આ દૂધની પ્રોસેસિંગ અને માર્કેટિંગ પ્રણાલી અને દૂધ ઉપભોક્તાઓ. આ ત્રણેય મહત્ત્વનાં અંગોનું સશક્તીકરણ આ લોકાર્પિત થયેલ પ્રકલ્પોના માધ્યમથી થયું છે.

શ્રી અમિતભાઈ શાહે અહીં આમંત્રિત કરવા બદલ અમુલ ફેડના ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેનશ્રીનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ૧૩૦ કરોડ આબાદી ધરાવતા ભારત જેવા વિશાળ દેશમાં સર્વસ્પર્શી સર્વસમાવેશક વિકાસ પ્રત્યેક વ્યક્તિ સુધી પહોંચાડવો અત્યંત કઠિન છે. આ વિકાસની પ્રક્રિયાને વ્યાપક બનાવવા આપણા દેશમાં કયું આર્થિક મૉડલ અનુકૂળ રહેશે તે સમજવું અત્યંત જરૂરી હતું. આ માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ સહકારી ક્ષેત્રનું આર્થિક મૉડલ તેઓએ લાગુ કર્યું. આ દિશામાં જ આગળ વધવા અને કરોડો લોકો આર્થિક રીતે સક્ષમ અને સમૃદ્ધ બને તેવા શુભ હેતુ સાથે કેન્દ્રમાં નવા સહકાર મંત્રાલયની સ્થાપના કરવામાં આવી. તેઓએ કહ્યું કે સહકારિતાનો વિચાર નવો નથી, આદરણીય સરદાર પટેલ અને ત્રિભોવનભાઈ પટેલે શોષણ સામે



અવાજ ઉઠાવવા સહકારી સંસ્થાઓની સ્થાપના કરી અને આજે જોતજોતામાં આ આંદોલન ૩૬ લાખ પરિવાર અને ૧૮ હજાર ગામડાંઓ સુધી વિસ્તર્યું. સમગ્ર દેશની દૂધની જરૂરિયાત અમુલ પૂરી કરી રહ્યું છે ત્યારે આપણે ચોક્કસપણે કહી શકીએ કે અમુલ એ ગુજરાતનું ગૌરવ છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે જ્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારિતા મંત્રાલયની સ્થાપના કરી ત્યારે અનેક લોકોએ પ્રશ્નો ઊભા કર્યા હતા. આ મંત્રાલયની જવાબદારી મને મળી તે મારા માટે અત્યંત હર્ષ અને ગૌરવની વાત હતી. આજે સહકારિતા મંત્રાલયના માધ્યમથી દેશના અર્થતંત્રને સક્ષમ અને લોકોને સમૃદ્ધ બનાવવાની દિશામાં નક્કર પ્રયત્નો થઈ રહ્યા છે. તેઓએ કહ્યું કે સમાજમાં એવી ઘણી બધી મહિલાઓ છે જેના સહકારી ક્ષેત્રે જોડાવાના પરિણામે તેઓ પરિવારની આર્થિક ઉન્નતિમાં સહભાગી બનવાની સાથે સાથે પરિવારમાં અત્યંત મહત્ત્વનું સ્થાન પણ ધરાવે છે. સૌ એક સાથે મળીને આગળ વધીએ તો એક ખૂબ મોટી શક્તિ અને કાર્યસંસ્કૃતિનું નિર્માણ કરી શકીએ છીએ તે જ સહકારિતાનો મૂળ મંત્ર છે.

શ્રી અમિતભાઈ શાહે અમુલના સ્ત્રી સશક્તીકરણના પ્રયાસને બિરદાવતાં કહ્યું હતું કે સ્ત્રી સશક્તીકરણનું જો કોઈ સૌથી ઉત્તમ ઉદાહરણ હોય તો તે અમુલ છે. અમુલના પરિણામે સ્ત્રીઓ આત્મનિર્ભર બની છે અને ઘણા પરિવારોમાં તે આર્થિક ઉપાર્જન દ્વારા સહાયભૂત પણ બની રહી છે. સ્ત્રી સશક્તીકરણ માટે સહકારી ક્ષેત્ર પોતાનું અનન્ય યોગદાન આપી શકે છે તે વાત અમુલે સાબિત કરી બતાવી છે. અમુલ વિના ભારતની દૂધની જરૂરિયાતો પૂર્ણ કરવી લગભગ અસંભવ છે. અમુલ આજે અનેક રાજ્યોમાં વિસ્તર્યું છે અને સાથે-સાથે પશુપાલકોને દૂધના ઉપર્યુક્ત ભાવો મળી રહે અને ઉપભોક્તાઓને ઉત્તમ ગુણવત્તાની પ્રોડક્ટ મળી રહે તે દિશામાં પણ ખૂબ પ્રશંસનીય કામગીરી કરી છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે રાસાયણિક ઉર્વરકના અતિશય ઉપયોગના કારણે આજે જમીનોની ફળદ્રુપતા, ઉત્પાદકતા ઘટવાની સાથે લોકોમાં કેન્સર જેવી બીમારીઓનું પ્રમાણ પણ વધી રહ્યું છે, જ્યારે બીજી બાજુ ઓર્ગેનિક અને કુદરતી ખેતી દ્વારા ભૂમિ, જળ અને શરીર બધાંને બચાવી શકાય છે. તેઓએ કહ્યું કે વર્તમાન સમયમાં બે લાખ જેટલા કિસાનો ઓર્ગેનિક અને કુદરતી ખેતીને અનુસરી રહ્યા છે. આજે દેશ અને દુનિયામાં ઓર્ગેનિક ઉત્પાદનોની ખૂબ જ માંગ વધી રહી છે. આ દિશામાં માર્કેટિંગ ચેઈન, સંસાધનોની યોગ્ય પ્રણાલી સ્થાપિત કરવામાં આવે તો ઉત્પાદકોને સક્ષમ ભાવ મળી રહે અને ઉપભોક્તાને ગુણવત્તાસભર ઉત્પાદનો મળી રહે. આ માટે ઠોસ પગલાં લેવાય તે સમયની માંગ પણ છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષને સંકલ્પ વર્ષ તરીકે ઘોષિત કર્યું છે. આગામી ૨૫ વર્ષ બાદ આપણે જ્યારે શતાબ્દી ઊજવી રહ્યા હોઈશું ત્યારે દેશ ક્યાં હશે તે માટેના સંકલ્પો માટેનું આ વર્ષ છે. અમુલ પણ ૨૫ વર્ષ બાદ સમાન સ્થિતિમાં હશે ત્યારે તેના માટેની બ્લુ પ્રિન્ટ, ભવિષ્યના આયોજન રચાય તે દિશામાં નવા આયામ કાર્યરત થાય તે માટેના સંકલ્પ જરૂરી છે. તેઓએ કહ્યું કે ઈફકો, ક્રુભકો અને લિજ્જત પાપડ સહિતના સહકારી ક્ષેત્રના સફળ મૉડેલ આપણી સમક્ષ મોજૂદ છે. આવાં વધુ ને વધુ મૉડેલ બને અને વધુ લોકો તે છત્ર હેઠળ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે તે આવશ્યક છે. ગુજરાત સહકારી આંદોલનનું કેન્દ્ર બની શકે તેમ છે. તેઓએ કહ્યું કે મેં વિદ્યાર્થીકાળથી અનેકવિધ જવાબદારીઓ સંભાળી પણ આત્મસંતોષ સહકારી ક્ષેત્ર સાથે જોડાયા બાદ મળ્યો. અનેક લોકોને જોડીને પ્રચંડ શક્તિનું નિર્માણ અને પરિપાકસ્વરૂપે સર્વેનું કલ્યાણ સહકારી ક્ષેત્રમાં જ સંભવી શકે છે.

શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત સૌ અને અમુલના ફેડના સંચાલક મંડળને આગ્રહ અને વિનંતી કરતા કહ્યું હતું કે ઓર્ગેનિક ખેતીના પ્રોત્સાહન હેતુ તેની વિતરણ પ્રણાલી અને વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા ટેસ્ટિંગ વ્યવસ્થા વિકસાવવા ચોક્કસ પ્રયત્નો કરવામાં આવે. ઓર્ગેનિક અને કુદરતી ખેતી સાથે જોડાયેલા કિસાનો અને તેના ઉપભોક્તા વચ્ચે એક ઉત્તમ પ્રણાલી સ્થાપિત કરવામાં આવે તે આવશ્યક અને અનિવાર્ય પણ છે. અંતમાં શ્રી અમિતભાઈ શાહે અનુરોધ કરતાં કહ્યું કે દેશના વિકાસ અને ગરીબીના ઉન્મૂલન માટેના પ્રયાસોમાં આપણે સૌ મહત્તમ યોગદાન આપીએ.



## ભાજપાના તમામ મોરચાની સંયુક્ત કારોબારી યોજાઈ



### ૨૦૧૪ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યુવાનોને લગતી નીતિઓને કારણે જ દેશમાં અઢળક તકો ઊભી થઈ છે - પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ

પંડિત દીનદયાળ ઓડિટોરિયમ ખાતે પ્રદેશ ભાજપના તમામ મોરચાની એક સંયુક્ત કારોબારી બેઠક યોજાઈ હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની અધ્યક્ષતામાં યોજાયેલ આ કારોબારીમાં મોરચા દ્વારા કરવામાં આવેલ કાર્યક્રમોની એક ભવ્ય પ્રદર્શની યોજવામાં આવેલ હતી.

સંયુક્ત મોરચાની પ્રદેશ કારોબારીમાં સંબોધતાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે જણાવ્યું કે, કાર્યકર્તાઓએ પૂર્ણ કરેલ કાર્યોથી સંતોષ ન માની નવીન કાર્યક્રમની સંરચના થકી જનસંપર્ક કરવો જોઈએ અને કાર્યકર્તા નવી પગદંડી માંડી તેના પર આગળ વધશે ત્યારે જ નવીન ક્રાંતિ થશે.

શ્રી સી. આર. પાટીલે યુવા મોરચાના કાર્યકર્તાઓને સંબોધતાં જણાવ્યું કે, ૨૦૧૪ પછી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની યુવાનોને લગતી નીતિઓને કારણે જ દેશમાં અઢળક તકો ઊભી થઈ છે તેના કારણે દેશનું યુવા ધન વિદેશમાંથી પાછું ફરી રહ્યું છે.


કિસાન મોરચાના કારોબારી સભ્યોને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર. પાટીલે આગામી સમયમાં સરદાર સરોવર ડેમની ઊંચાઈ વધવાના



**સમાજ-જીવનમાં જુદી-જુદી જ્ઞાતિના લોકો વસે છે અને ભારતીય જનતા પાર્ટીએ સમાજજીવનના તમામ લોકો સાથે સંપર્ક કરવા માટે એક સુદઢ પ્રયાસ તરીકે વિવિધ સાત મોરચાઓની સ્થાપના કરી છે - શ્રી રત્નાકરજી**

સંયુક્ત કારોબારીમાં સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરજીએ માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, પ્રદેશમાં પ્રથમ વખત એક સાથે વિવિધ મોરચાની સંયુક્ત કારોબારીની પરિકલ્પના કરવામાં આવી અને તે પરિકલ્પના આજે પૂર્ણ થયેલ છે. સમાજ-જીવનમાં જુદી-જુદી જ્ઞાતિના લોકો વસે છે અને ભારતીય જનતા પાર્ટીએ સમાજજીવનના તમામ લોકો સાથે સંપર્ક કરવા માટે એક સુદઢ પ્રયાસ તરીકે વિવિધ સાત મોરચાઓની સ્થાપના કરી છે. સમાજજીવન સમરસ રહે તે માટે રાજકીય પાર્ટીના સમાજજીવનના બધા જ આગેવાનો પણ એકરસ હોવા જોઈએ તેવા અભિગમ સાથે આ એક નવીન પ્રયાસ ભાજપા દ્વારા કરવામાં આવ્યો છે. શ્રી રત્નાકરજીએ આગામી સમયની કાર્યયોજના બનાવીને તેને સુંદર રીતે જમીન પર ઉતારવાની હાકલ સૌ મોરચાના પદાધિકારીશ્રીઓને કરી હતી. સમયાંતરે સર્જનાત્મક કાર્યો કરીને સંગઠનને મજબૂત કરીને વ્યક્તિત્વ નિર્માણ થકી રાષ્ટ્રનિર્માણની પરિકલ્પનાને પરિપૂર્ણ કરવા અપીલ કરી હતી.







**ભાજપા પાસે સંનિષ્ઠ કાર્યકર્તાઓની ફોજ છે જેના પર સમાજ-જીવનમાં એક વિશ્વાસ તેમજ વિશ્વસનીયતાની ખૂબ મોટી ઇમારત ભાજપાએ ચણી છે - શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

મોરચાઓની સંયુક્ત કારોબારીના સમારોપ સત્રમાં સૌને સંબોધતાં રાજ્યના લોકલાડીલા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, કાર્યકર્તા એ કોઈપણ રાજકીય પક્ષનો મજબૂત પાયો છે. ભાજપા પાસે સંનિષ્ઠ કાર્યકર્તાઓની ફોજ છે, જેના પર સમાજ-જીવનમાં એક વિશ્વાસ તેમજ વિશ્વસનીયતાની ખૂબ મોટી ઈમારત ભાજપાએ ચણી છે. ભાજપના કાર્યકર્તાઓ એકરસ અને એકસૂત્ર થઈને કાર્યો કરે છે જેનું પરિણામ સમગ્ર દુનિયા સામે છે. કોઈપણ પદની અપેક્ષા વગર નિઃસ્વાર્થ ભાવે માત્ર ને માત્ર સેવાકાર્યો કરવાનું લક્ષ એ ભાજપાના કાર્યકર્તાઓનું હોય છે. ભારતીય જનતા પાર્ટીમાં દરેક સ્તરે જવાબદેહી નક્કી છે અને તે જવાબદેહીના પરિણામે દરેક કાર્યકર્તા પોતપોતાનાં કાર્યોમાં સક્રિય રહી રચ્યોપચ્યો રહે છે. ભારતીય જનતા પાર્ટી જે કહે છે તે કરે છે અને એ પણ સમયમર્યાદામાં કરે છે તેના કારણે સમાજ-જીવનમાં ભાજપ પ્રત્યે જનતા જનાર્દનમાં વિશ્વસનીયતા ઊભી થઈ છે. આપણે સૌએ કોવિડ મહામારીના સમયમાં જોયું કે સાથે મળીને પ્રયાસ કરવામાં આવે તો કોરોના જેવી મહામારીમાંથી પણ આપણે દેશને હેમખેમ ઉગારી શકીએ છીએ.

કારણે ગુજરાતને થયેલ અકલ્પનીય લાભોની વાત એક-એક ખેડૂત સુધી પહોંચાડવાની હાકલ કરી હતી.

શ્રી સી. આર. પાટીલે મહિલા મોરચાના કારોબારી સભ્યોને સંબોધતાં જણાવ્યું કે, ગુજરાતમાં ગૃહઉદ્યોગ, લઘુઉદ્યોગ સાથે સંકળાયેલા મહિલાઓનું માન-સન્માન કરી મહિલા સશક્તિકરણની આપણી વિચારધારાને સમાજ સમક્ષ રજૂ કરવી જોઈએ.

શ્રી સી. આર. પાટીલે સૌને અપીલ કરતાં જણાવ્યું કે, નવીન અભિગમ સાથે કાર્યકર્તાઓને પક્ષ સાથે જોડવા માટે નવીન કાર્યક્રમો કરવા જોઈએ અને પક્ષ સાથે જોડાયેલા કાર્યકર્તાઓ લાંબા સમય સુધી ભાજપની રાષ્ટ્ર પ્રથમ અને અંત્યોદયની વિચારધારા સાથે જોડાયેલા રહે તેવા પ્રયત્નો કરવા જોઈએ. ભાજપાના ઉમેદવાર ચૂંટણી લડતા નથી પરંતુ ભાજપનું મજબૂત સંગઠન ચૂંટણી લડતું હોય છે, ભાજપનો કાર્યકર્તા જીતવા માટે ચૂંટણીના જંગમાં ઊતરે છે, તેને ક્યારેય પોતાની ઉમેદવાર તરીકે ટિકિટની અપેક્ષા હોતી નથી.

શ્રી સી. આર. પાટીલે સૌ ઉપસ્થિત કારોબારી સભ્યોને પેજ સમિતિનું મહત્ત્વ સમજાવતાં કહ્યું કે આપણે ગુજરાતમાં પેજ સમિતિનું મોટા ભાગનું કાર્ય પૂર્ણ કર્યું છે અને બાકીનું કાર્ય પણ સત્વરે પૂર્ણ થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ગુજરાતનું પેજ સમિતિનું મોડેલ સમગ્ર દેશમાં ભાજપા સંગઠન દ્વારા અપનાવવામાં આવી રહ્યું છે તે ગુજરાત પ્રદેશ ભાજપા માટે ગૌરવ લેવાની વાત છે.

ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશના વિવિધ મોરચા જેવા કે યુવા મોરચા, લઘુમતી મોરચા, મહિલા મોરચા, અનુસૂચિત જનજાતિ મોરચા, અનુસૂચિત જાતિ મોરચા, કિસાન મોરચા અને બક્ષીપંચ મોરચાની એક સંયુક્ત કારોબારી બેઠક પંડિત દીનદયાલ ઓડિટોરિયમ થલતેજ, કર્ણાવતી ખાતે યોજાઈ હતી.





# ગુજરાત યુએઈ માટે ભારતનું પ્રવેશ દ્વાર છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ધોલેરા SIR, ગિફ્ટ સિટી, વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ (સોલાર અને વિન્ડ) રિન્યુએબલ એનર્જી પાર્ક જેવા સસ્ટેનેબલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના વિકાસ પર ગુજરાતે ભાર મૂક્યો છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ ત્રણેય પ્રોજેક્ટ્સની વિસ્તૃત છણાવટ કરી આવા ફ્યુચરિસ્ટિક પ્રોજેક્ટ્સના પાયામાં ગુજરાતને વર્લ્ડકલાસ ઈન્ફ્રાસ્ટ્રકચરથી સજ્જ બનાવવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શન રહેલા છે તેમ ઉમેર્યું હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતે વિકાસના રોલ મોડેલ સ્ટેટ તરીકે મેળવેલી આ પ્રતિષ્ઠાની પ્રત્યક્ષ અનુભૂતિ કરવા યુ.એ.ઈ ના ઉદ્યોગ-વેપાર અગ્રણીઓને વાયબ્રન્ટ સમિટ-૨૦૨૨માં સહભાગી થવા ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત અત્યારે કેટલાક નોંધપાત્ર સ્ટાર્ટ અપ્સનું કેન્દ્ર છે. ગુજરાતમાં ઈન્ક્યુબેશન કેન્દ્રો, આઈક્રિએટ વિગેરે દ્વારા એક એવી સફળ ઈકોસિસ્ટમ વિકસી છે જેમાં ઇનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન મળે છે.

તેમણે ઉમેર્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આત્મનિર્ભર ભારત-સેલ્ફ રિલાયન્ટ ભારત માટેનું આહ્‌વાન કર્યું છે. ગુજરાત ઔદ્યોગિક, કૃષિ, સામાજિક, માળખાકીય એમ સર્વગ્રાહી વિકાસથી આત્મનિર્ભર બની ''આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'' માટે પ્રતિબદ્ધ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ની થીમ પણ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત રાખવામાં આવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત યુ.એ.ઈ. માટે ભારતનું પ્રવેશદ્વાર છે અને ભારતમાં યુએઈનું પ્રવેશદ્વાર બનવા માટે એકદમ તૈયાર છે. યુએઈમાં રહેતા ૩૫ લાખ ભારતીયો બન્ને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવા અને તેમના વિકાસ માટે મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. વૈશ્વિક સ્તરે રહેતા ભારતીય સમુદાયોમાં ગુજરાતીઓની સંખ્યા સૌથી વધુ છે, તેમ તેમણે ઉમેર્યું હતું. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, વિશ્વના કોઈપણ ખૂણે વસતા ગુજરાતીઓની પ્રગતિ અને જે-તે સ્થળના વિકાસમાં તેમના યોગદાનથી સમગ્ર ગુજરાત ગૌરવ અનુભવે છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ભારત અને યુએઈનો સમૃદ્ધ ઈતિહાસ છે અને બન્નેના સંબંધો સદીઓ જૂના છે. આ સંબંધ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને હિઝ હાઈનેસ ક્રાઉન પ્રિન્સ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથેની તેમની મિત્રતાથી વધુ મજબૂત બન્યો છે.


મુખ્યમંત્રીશ્રીએ હિઝ હાઈનેસ ક્રાઉન પ્રિન્સે અબુધાબીમાં બીએપીએસ (BAPS)મંદિર અને સાંસ્કૃતિક કેન્દ્રનું નિર્માણ કરવા માટે જમીન દાનમાં આપી છે તેનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, આ પહેલ ભારત-યુ.એ.ઈ.ના મજબૂત સંબંધ અને મિત્રતાનું આગવું ઉદાહરણ છે. મુખ્યમંત્રીશ્રીએ આ રોડ-શૉમાં ઉપસ્થિત રહેલા દુબઈના અગ્રણી ઉદ્યોગ-રોકાણકારોને ગુજરાતની વિકાસયાત્રામાં ભાગીદાર બનવા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨માં જોડાવાનું આમંત્રણ આપ્યું હતું તેમજ સૌને ગુજરાત સરકારના પૂરતા સહયોગની ખાતરી પણ આપી હતી. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન અને પ્રેરણાથી નિર્માણ પામેલી પ્રતિમા વિશ્વની સૌથી ઊંચી સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લેવા પણ મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિતોને નિમંત્રણ આપ્યું હતું.

•



**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ની પ્રિ-સમિટ અંતર્ગત 'લોકલ ગોઝ ગ્લોબલ' વિષયક વિચાર-પરામર્શનું આયોજન**

# 'નિકાસ પ્રેરિત વિકાસ' અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત આયોજિત ''લોકલ ગોઝ ગ્લોબલ'' વિષયક પ્રિ-સમિટમાં નિકાસ પ્રેરિત વિકાસ' અર્થવ્યવસ્થાને મજબૂત બનાવે છે તેવો સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વોકલ ફોર લોકલ'ના નિર્ધારથી આત્મનિર્ભર ભારત બનાવવાના સંકલ્પને રાજ્યમાં ઉત્પાદિત સ્થાનિક વસ્તુઓને વિદેશી બજારોમાં નિકાસ કરી ભારતીય બજારમાં વિદેશી હૂંડિયામણમાં વધારો કરી ચરિતાર્થ કરી શકાશે તેમ પણ ઉમેર્યું હતું. આ સંદર્ભમાં તેમણે વિશ્વના બજારોમાં ભારતીય પ્રોડક્ટસની ગ્લોરીને ફરી ઉજાગર કરી વૈશ્વિક બજારો રિ-કેપ્ચર કરવાના ધ્યેય સાથે રાજ્યના ઉદ્યોગકારોને વિકાસ સાધવા અનુરોધ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ ફાર્માસ્યુટિકલ્સ, એગ્રો કેમિકલ્સ, પ્લાસ્ટિકની કાચી સામગ્રી, કાપડ, જેમ્સ અને જવેલરી, ઓર્ગેનિક કેમિકલ્સ, ડાઈ, સિરામિક વગેરેની નિકાસમાં ગુજરાત મોખરે હોવાનું જણાવી પાટણના પટોળા, કચ્છની એંબ્રોઈડરી, સંખેડાનું ફર્નિચર, જામનગરની બાંધણી જેવાં પરંપરાગત ઉત્પાદનોને જી.આઈ. ટેગ અપાવી તેના એક્સપોર્ટમા પણ ગુજરાત સફળ રહ્યુ છે તેમ ઉમેર્યું હતું.

'વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ' એટલે કે જિલ્લાવાર વિશેષ પ્રોડક્ટની નિકાસ માટે રાજ્યમાં વિશેષ સવલતો અને સહાય ઉપલબ્ધ કરાવવાના પરિણામસ્વરૂપે દેશના કુલ એક્સપોર્ટમાં ૩૦ ટકાના યોગદાન સાથે ગુજરાત અગ્રેસર છે તેમ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું.

ગુજરાતમાં દેશના કોઈપણ ઉદ્યોગકારને ગ્રીન ફિલ્ડ પ્રોજેક્ટ સ્થાપવા અનુકૂળ વાતાવરણ અને ઈઝ ઓફ ડૂઈંગ ઓફ બિઝનેસની સાનુકૂળ સુવિધાઓ અને તકો પ્રાપ્ત થઈ છે. આજે ગુજરાત કાર્ગો હેન્ડલીંગ અને લીડ્સ ઈન્ડેક્સ અને એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્સમાં મોખરે છે તેની ભૂમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, પેરિશેબલ ગુડ્સ એક્સપોર્ટ કરવાની સુવિધાયુક્ત ૧૦ એર ફ્રેઈટ ટર્મિનલ ઉપરાંત રોડ, રેલવે, એર-વે અને વોટર-વે કનેક્ટિવિટી સાથે ગુજરાત વિશ્વનાં બજારો સુધી પહોચવા માટેનું ગેટ-વે બની શકે તેમ છે. તેમણે આવી ઉત્કૃષ્ટ આંતરમાળખાકીય સેવાઓના પરિણામે ગુજરાતનાં સ્થાનિક ઉત્પાદનોને વિશ્વબજારમાં સરળતાએ પહોંચાડી શકાય છે તેવો વિશ્વાસ પણ દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિવિધ પ્રોડક્ટ્સનાં ઉત્પાદનો થકી 'નિકાસ પ્રેરિત વિકાસ' – 'એક્સપોર્ટ લેડ ગ્રોથ'ને સિદ્ધ કરીને આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનો મંત્ર સાકાર કરવા સહિયારા પ્રયાસો હાથ ધરવા જણાવ્યું હતુ.

ઉદ્યોગ રાજય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ આ પ્રિ-સમિટ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશિતાનું પ્રમાણ હોવાનું જણાવ્યું હતું. રાજયમાં વાઈબ્રન્ટ સમિટના આયોજન થકી વિદેશી રોકાણમાં મોટી સંખ્યામાં વધારો થયો છે. આજે રાજયમાં પીનથી પ્લેન અને ટેન્ક સુધીના ઉત્પાદનમાં ગુજરાત રાજય આત્મનિર્ભર બન્યું છે.

આ સદંર્ભમાં તેઓએ કોરોનાની વૈશ્વિક મહામારી પહેલાં દેશમાં ૩૩ હજાર N-95 માસ્ક અને ૪.૨૫ લાખ પી.પી.ઈ. કીટનું ઉત્પાદન થતું હોવાનું જણાવી આત્મનિર્ભરની નેમ થકી આજે ૫૦ લાખથી વધુ પી.પી.ઈ. કીટ દર મહિને વિદેશમાં નિકાસ થતી હોવાનું કહ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા સમગ્ર દેશમાં આરંભાયેલી PM-ગતિશક્તિ, પી.એલ.આઈ., સ્ટાર્ટ અપ, મેક ઈન ઈન્ડિયા જેવી વિવિધ યોજનાઓ દેશની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રીલિયન ડોલર અર્થવ્યવસ્થા બનાવવાની દિશામાં પ્રયાસ હોવાનું કહ્યું હતું.



## તા. ૨૬થી ૩૦ ડિસેમ્બર દરમિયાન 'નદી ઉત્સવ' મનાવાશે

# રાજ્યમાં આગામી તા. ૨૬થી તા. ૩૧ ડિસેમ્બર સુધી 'સુશાસન સપ્તાહ'

ભારતરત્ન અને પૂર્વ વડાપ્રધાન સ્વ. અટલ બિહારી બાજપેયીના જન્મદિવસ તા. ૨૫ ડિસેમ્બરને 'ગૂડ ગવર્નન્સ-સુશાસન દિવસ' તરીકે પ્રતિ વર્ષ ઊજવવામાં આવે છે, જેના ભાગરૂપે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળ રાજ્યમાં આગામી તા. ૨૬થી ૩૧ ડિસેમ્બર સુધી વિવિધ વિભાગો દ્વારા 'સુશાસન સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવશે. જ્યારે તા. ૨૬થી ૩૦ ડિસેમ્બર દરમિયાન લોકમાતા નદીને સન્માન આપવા 'નદી ઉત્સવ' મનાવાશે તેમ મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્ત્વના નિર્ણયોની વિગતો આપતાં પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

પ્રવક્તા મંત્રીશ્રીએ નદી ઉત્સવની વિગતો આપતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં તા. ૨૬ ડિસેમ્બરે રાજ્યકક્ષાનો 'નદી ઉત્સવ' સુરતમાં તાપી નદીના કિનારે યોજાશે. આ ઉપરાંત નર્મદા નદીકિનારે ભરૂચ અને ગરુડેશ્વર ખાતે વિવિધ કાર્યક્રમો યોજાશે. જ્યારે મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં સાબરમતી નદી અમદાવાદ ખાતે મહાઆરતી કરીને નદી ઉત્સવનું સમાપન યોજાશે. રાજ્યમાં યોજાનારા આ નદી ઉત્સવમાં તાપી, નર્મદા અને સાબરમતી નદી ખાતે આરતી, મેરેથોન, સંવાદ અને સફાઈ સહિતના વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજાશે.

**ગુજરાતમાં ૧૦,૦૦૦થી વધુ ગ્રામ પંચાયતોમાં યોજાયેલી ચૂંટણીમાં ૮૦થી ૯૦ ટકા સરપંચ-સભ્યો ભાજપની અને તેની વિચારધારા ધરાવતા ઉમેદવારો ચૂંટાયા તે બદલ મતદારોનો આભાર.**

પ્રવક્તા મંત્રીશ્રી વાઘાણીએ ઉમેર્યું કે, રાજ્યની વિકાસયાત્રાને વેગવંતી બનાવવા માટે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની દશમી શૃંખલા આગામી તા.૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમિયાન યોજાનાર છે એ અંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. તે અંગે દેશ-વિદેશમાં ભવ્ય રોડ શોનું આયોજન કરાયું તેને અપ્રતિમ સફળતા મળી છે. એટલું જ નહિ પ્રતિ સોમવારે જે MOU થયા છે તેમાં પણ વિવિધ સંસ્થાઓએ વિવિધ પ્રોજેક્ટો માટે સિમાચિહ્ન રૂપ MOU કર્યા છે જેના પરિણામે રાજ્યભરમાં વ્યાપક રોજગારીનું સર્જન થશે. રાજ્યના નાગરિકોને જનસુખાકારીના લાભો મળે એ માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે.

તાજેતરમાં ગ્રામ્યસ્તરે યોજાયેલ આત્મનિર્ભર ગ્રામયાત્રા દરમિયાન ૧,૨૪,૮૦૭.૫૭ લાખનાં ૪૦,૨૦૭ વિકાસકામોનાં ખાતમુહૂર્ત, રૂા.૪૪૭૫ લાખના ૩૨ કામોનાં ભૂમિપૂજન તથા રૂા.૫૨,૩૮૯.૨૨ લાખનાં ૨૩,૦૦૮ વિકાસકામોનાં લોકાર્પણ કરાયાં છે અને રૂા.૧૬,૭૫૪.૭૫ લાખની વ્યક્તિગત સહાય ૧,૯૨,૫૭૩ લાભાર્થીઓને ચૂકવાઈ છે. આ ઉપરાંત સુશાસન સપ્તાહની ઉજવણી અંતર્ગત રાજ્યભરમાં મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અંદાજે રૂા.૫૨૮ કરોડનાં ૪,૬૮૧ વિકાસકામોનાં ખાતમુહૂર્ત તથા રૂા.૨૨૨ કરોડના ૪,૯૩૨ વિકાસ કામોનાં લોકાર્પણ કાર્યક્રમો યોજાશે.


પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ધો.૧૦ અને ધો.૧૨ના વિદ્યાર્થીઓનો તનાવ દૂર થાય એ માટે તેમજ પરીક્ષાની તૈયારી કરવાનો પૂરતો સમય મળે એ માટે પણ બોર્ડની પરીક્ષાઓ ૧૫ દિવસ મોડી યોજવાનો વિદ્યાર્થી હિતલક્ષી નિર્ણય કરાયો છે.

•

**પ્રદેશ ભાજપ દ્વારા આપણા તમામ સક્રિય સભ્યોને ઓળખકાર્ડ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. દરેક સક્રિય સભ્યોને આ સાથે મનોગત પાક્ષિક પરના એડ્રેસમાં દર્શાવવામાં આવેલું પોતાનું સરનામું તપાસી લેવું અને તેમાં જો કોઈ સુધારો હોય તો તારીખ ૧૦-૦૧-૨૦૨૨ સુધીમાં manogat.1980@gmail.com પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.**







# અટલબિહારી વાજપેયી
# ઉત્તમ, ઉજ્જ્વળ અને ઉમદા રાજનેતા

### મૂલ્યનિષ્ઠ રાજકીય સફર

શ્રી અટલબિહારી વાજપાયીનો જન્મ તા. ૨૫ ડિસેમ્બર, ૧૯૨૪ના રોજ ગ્વાલિયર ખાતે એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. અભ્યાસમાં તેજસ્વી અટલજીએ રાજનીતિ શાસ્ત્રના વિષય સાથે એમ.એ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કરેલ છે. કાયદાના અભ્યાસક્રમમાં અટલજીએ પિતાજી સાથે પ્રવેશ લીધો, પરંતુ રાષ્ટ્રસેવા કરવા થનગનતા અટલજીએ કાયદાનો અભ્યાસ અધવચ્ચેથી છોડી દીધો.

રા. સ્વ. સંઘના કાર્યકર્તા અને પછી પ્રચારક બનીને જીવન રાષ્ટ્રકાર્યને સમર્પિત કરી દીધું, આઝાદી આંદોલન વખતે, ૧૯૪૨માં અંગ્રેજોએ અટલજીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અટલજીને આ સમયે ૨૪ દિવસની જેલયાત્રા થઈ હતી. તે સમયે અટલજી સગીર વયના હોવાથી તેમને બાળકોની જેલમાં રાખવામાં આવ્યા હતા.

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ ૧૯૫૧માં, ભારતીય જનસંઘની સ્થાપના કરી ત્યારે રા. સ્વ. સંઘના દ્વિતીય સરસંઘચાલક શ્રી ગુરુજી પાસે પાર્ટીનો વ્યાપ વધારવા વિનંતી કરી ત્યારે શ્રી ગુરુજીએ પંડિત દીનદયાળજી, નાનાજી દેશમુખની સાથે અટલજીને પણ ભારતીય જનસંઘમાં કાર્ય કરવાની જવાબદારી સોંપી. અટલજીએ જનસંઘના એક અનિવાર્ય નીતિનિર્ધારક અને પ્રખર પ્રવક્તા તરીકે યુવાનીમાં જ કાઠું કાઢ્યું. ૧૯૬૮ થી ૧૯૭૩ સુધી તેઓ ભારતીય જનસંઘના અધ્યક્ષપદે રહ્યા. ૧૯૫૭ની લોકસભાની ચૂંટણીમાં બલરામપુર (યુ.પી.) બેઠક પરથી પ્રથમવાર વિજયી બન્યા. જનતા પાર્ટી (૧૯૭૭)ના સ્થાપકો પૈકી તેઓ એક હતા. જનતા સરકારમાં ૧૯૭૭-૧૯૭૯ સુધી તેઓ સફળ અને લોકપ્રિય વિદેશ મંત્રી રહ્યા હતા. બેવડા સભ્યપદના મુદ્દે જનસંઘ ઘટકને અલગ કરવાનું કાવતરું થયું. તે પછી ૧૯૮૦માં ભારતીય જનતા પાર્ટીની રચના થઈ અને તેના પહેલા અધ્યક્ષ શ્રી અટલજી બન્યા. અટલજી ૧૯૫૭માં સંસદસભ્ય તરીકે ચૂંટાયા પછી ૧૯૮૫ના વર્ષનો અપવાદ બાદ કરતાં સતત સંસદમાં ચૂંટાતા રહ્યા. તેઓ લોકસભા અથવા રાજ્યસભાના સભ્ય રહ્યા. ૧૯૯૨માં દેશના વિખ્યાત ઍવોર્ડ પદ્મ વિભૂષણથી અટલજીને સન્માનિત કરવામાં આવ્યા. ૨૦૧૫માં 'ભારત રત્ન'થી સન્માનવામાં આવ્યા.

અગિયારમી લોકસભાની ચૂંટણી પછી ૧૬ મે, ૧૯૯૬ના દિવસે અટલજીએ પહેલીવાર ભારતના પ્રધાનમંત્રી પદના શપથ લીધા. આ કાર્યકાળ માત્ર તેર દિવસનો રહ્યો. બારમી લોકસભામાં માર્ચ ૧૯૯૮માં તેઓ ફરી વડાપ્રધાન પદે આરૂઢ થયા. આ વખતનો અટલજીનો કાર્યકાળ તેર મહિનાનો રહ્યો. તે પછી ઑક્ટોબર ૧૯૯૯માં તેરમી લોકસભામાં તેઓ ત્રીજી વાર વડાપ્રધાન પદે બિરાજ્યા. ભાજપા પ્રેરિત ૨૪ જેટલા પક્ષોના બનેલા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચાની (એનડીએ) સરકારને, અટલજીએ સફળ નેતૃત્વ પૂરું પાડ્યું. દેશની રાજનીતિમાં મોરચા સરકારની

**હેમત ગોહિલ (જામનગર)**



નવીનતમ વિભાવના દેશને અટલજીની ભેટ છે. જે કોંગ્રેસે ૪૦ વર્ષના તેમના શાસનમાં વિકાસનાં કાર્યો ન કરી બતાવ્યાં તે વિકાસનાં કાર્યો અટલજીના નેતૃત્વમાં એનડીએ શાસને માત્ર સાડા ચાર વર્ષના શાસનમાં કરી બતાવ્યાં.

## અટલજીનાં ગુજરાત સંસ્મરણો

- કચ્છમાં આવેલ ભૂકંપ બાદ અટલ બિહારી વાજપેયીએ ત્રણ વખત કચ્છની મુલાકાત લીધી હતી. ગુજરાત માટે તેમને અપ્રતિમ પ્રેમ હોવાથી કચ્છને બેઠું કરવામાં તેમણે કોઈ જ કચાશ બાકી રાખી નહોતી. ભૂકંપ બાદ વાજપેયીજીએ ગુજરાતને શક્ય તેટલી વધુ આર્થિક સહાય પણ અપાવી હતી.
- ૧૧ ઑગસ્ટ ૧૯૭૯માં મોરબીમાં મચ્છુ હોનારતની દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનાના સમાચાર મળતાં જ ઘટનાના બીજા દિવસે વાજપેયીજીએ મોરબી આવીને પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને પૂરગ્રસ્તોને દિલસોજી પાઠવી હતી અને તેમણે આર.એસ.એસ. અને જનસંઘના કાર્યકરોને તાકીદે રાહતકાર્યમાં જોડાઈ જવાનું આહ્‌વાન કરતાં યુદ્ધના ધોરણે અસરગ્રસ્ત વિસ્તારોમાં સફાઈ સહિતની કામગીરી કરાઈ હતી. બાદમાં તેમણે વર્ષ ૧૯૮૪ ચૂંટણીના પ્રચાર માટે મોરબી આવીને જનસંઘના ઉમેદવાર અમુભાઈ અધારા માટે પ્રચાર કર્યો હતો.



### મન માનતું નથી કે અટલજી નથી રહ્યા - શ્રી નરેન્દ્રભાઈ મોદી

અટલજી હવે નથી રહ્યા. મન માનતું નથી. અટલજી મારી આંખોની સામે છે, સ્થિર છે જે હાથ મારી પીઠ પર ધબ્બો મારતા હતા, જે સ્નેહથી હસતાં હસતાં મને ભેટી પડતા હતા તે સ્થિર છે. અટલજીની આ સ્થિરતા મને અસ્વસ્થ કરી મૂકે છે. ઘણું બધું કહેવું છે, પરંતુ કહી શકતો નથી. હું મારી પોતાની જાતને વારંવાર વિશ્વાસ અપાવું છું કે, અટલજી હવે નથી રહ્યા. પરંતુ, આ વિચાર આવતાં જ હું પોતાને આ વિચારથી દૂર કરી નાખું છું. શું ખરેખર અટલજી નથી રહ્યા ? ના, હું તો તેમનો અવાજ મારી અંદર ગુંજતો હોય તેવું મહેસૂસ કરું છું. કેવી રીતે કહું, કેવી રીતે માની લઉં કે તેઓ હવે નથી રહ્યા.

- અટલજીની ઓરેટરી સંમોહક વક્તૃત્વ કળાને કારણે જ ૨૦ મે, ૧૯૯૧ની રાત્રે અમદાવાદની ચૂંટણીસભા જેમાં અટલજી રાત્રે ૧૦ વાગ્યે પધારવાના હતા, પરંતુ છેક મધ્યરાત્રિ પછી ૨.૦૦ કલાકે પહોંચ્યા. તો પણ હજારો શ્રોતાઓ ચાર કલાક પ્રતીક્ષા કરતા રહ્યા. અટલજીએ રાત્રે બે કલાકે ઉદ્‌બોધન કરતાં સ્નેહ-સંવેદન મિશ્રિત વાક્યો ઉચ્ચાર્યાં : 'યહ રાત્રિ-જાગરણ રંગ લાયેગા... રાત કટ જાયેગી, અંધેરા છટ જાયેગા, સુબહ નિકલ આયેગી, કમલ ખીલ જાયેગા !' અને ચાર કલાકની પ્રતીક્ષા પછી પણ શ્રોતાઓ હર્ષનાદોથી ઝૂમી ઊઠ્યા આ હતી અટલજીની મોહિની અને સંમોહક વક્તૃત્વ કલા !
- અટલજી રાજકોટના ગાંઠિયાના મોટા ચાહક હતા અને જયારે જયારે કોઈ તેમના માટે ગાંઠિયા લઈને જતા ત્યારે તેમને ખૂબ આનંદ થતો. અટલજી સાથે મુરલી મનોહર જોશી અને અન્ય ટોચના નેતા ગાંઠિયા ખાવા જોડાતા હતા અને પડાપડી થતી. રાજકોટ આવે ત્યારે નાસ્તામાં જલેબી અને ગાંઠિયા તેમને જોઈએ જ.

## અટલજીની નોખી-અનોખી સાદગી

- વાત એ સમયની છે જયારે વાજપેયીએ રાજકીય કારકિર્દીની શરૂઆત કરી હતી. ૧૯૫૩માં મુંબઈમાં જનસંઘની એક સભાને સંબોધિત કરવાની હતી. પણ એ માટે અટલજી ફક્ત બે ઝભ્ભા લઈને જ ગયા હતા. સંજોગવશાત્ બંને ઝભ્ભા ફાટેલા હતા. અટલજીએ ફાટેલા ઝભ્ભા પર



જેકેટ પહેરી ભાષણ અપ્યું. એ કારણે તેમના ફાટેલા ઝભ્ભા વિશે કોઈને કંઈ ખબર ન પડી.

- હવે વાત એ સમયની છે જયારે અટલજી જનસંઘના અધ્યક્ષ હતા. એક દિવસ અટલજીએ એક સંમેલનને સંબોધિત કરવા જવાનું હતું. પણ રસ્તામાં જ તેમની કાર ખરાબ થઈ ગઈ. એ સમયના વિખ્યાત પત્રકાર એચ. કે. દુઆ સ્કૂટર પર એ જ સંમેલનને કવર કરવા જઈ રહ્યા હતા, જેને અટલજી સંબોધવાના હતા. રસ્તામાં તેમણે જોયું કે અટલજી એક ઓટોને રોકવાની કોશિશ કરી રહ્યા હતા. પત્રકાર દુઆએ પોતાનું સ્કૂટર ધીમું કરી અટલજીને ઓટો રોકવાનું કારણ પૂછયું તો અટલજીએ જણાવ્યું કે તેમની કાર ખરાબ થઈ ગઈ છે. પત્રકારે કહ્યું કે તમારી ઈચ્છા હોય તો મારા સ્કૂટર પાછળ બેસી પ્રેસ ક્લબ આવી શકો છો. ત્યારે અટલજી પત્રકારના સ્કૂટર પાછળ બેસી સંમેલનમાં પહોંચ્યા, જેને તેઓ પોતે સંબોધવાના હતા.

## હાજરજવાબી અટલજી

૧૯૯૯માં ૨૪ પક્ષોની બનેલી એનડીએની સરકાર વિપક્ષના નેતાઓ તથા એનડીએ વિરોધી વિચારધારાના પત્રકારો 'ખીચડી સરકાર'નું મહેણું મારતા. એકવાર સંસદમાં ચર્ચા કરતી વખતે એક સાંસદે એનડીએ સરકારને ટોણો મારતાં કહ્યું કે, 'અટલજી, આપકી સરકાર તો ખીચડી સરકાર હૈ' ! તો હાજરજવાબી શ્રી અટલજીએ તરત જ પ્રત્યુત્તર આપ્યો કે 'ખીચડી તો મુઝે અત્યંત પ્રિય હૈ, મૈં

## રામ અને બાબરને એક ત્રાજવે ન તોળાય

૬ માર્ચ, ૧૯૮૭ના રોજ લખનૌ ખાતે એક જંગી કિસાન રેલીને સંબોધતાં શ્રી અટલ બિહારી વાજપેયીજીએ કહ્યું હતું : 'ભારત એક લોકતાંત્રિક દેશ છે અને લોકતંત્રમાં ન્યાયાલયની ભૂમિકા મહત્ત્વની બની રહે છે. અયોધ્યામાં રામ જન્મભૂમિનાં તાળાં અદાલતના આદેશ બાદ ખૂલ્યાં. અપીલ બાદ ફરી આ મામલો અદાલતમાં વિચાર માટે પડ્યો છે.

રામ-જન્મભૂમિનો પ્રશ્ન કાં તો ન્યાયાલય દ્વારા અથવા વાતચીત દ્વારા ઉકેલી શકાય. રામ અને બાબરની તુલના ન કરી શકાય. શ્રી રામ આ ધરતી પરના મર્યાદા પુરુષોત્તમ છે. રાષ્ટ્રીય મહાપુરુષ છે, જયારે બાબર આ ધરતી પરનો આક્રાંતા, હુમલાખોર છે. બાબર અત્યાચારી બનીને આવ્યો હતો અને અનેક હિન્દુ મંદિરો તોડ્યાં હતાં. બાબરે અયોધ્યાને પણ છોડ્યું ન હતું. જે લોકો રામના જન્મસ્થાનને બદલે પોતાનો સંબંધ બાબર સાથે જોડે છે તેવા લોકો પોતાની દેશભક્તિને શંકાના દાયરામાં મૂકે છે. કુરાન હરગિઝ એવું નથી કહેતું કે મંદિર તોડી મસ્જિદ બનાવો. અગર ભારતમાં ક્યાંય મસ્જિદ તોડી મંદિર બનાવવામાં આવ્યાં હતાં તો તે બધી મસ્જિદ પાછી આપી દેવી જોઈએ એમ હું દૃઢપણે માનું છું. અમો તે વાતનું સમર્થન કરીશું. પરંતુ મેં સ્વયં અયોધ્યા જઈને જોયું છે કે મંદિરની ઉપર મસ્જિદ બનાવવામાં આવી છે.

અટલજીએ રેલીને સંબોધન કરતાં આગળ કહ્યું હતું : આપણા પાડોશી દેશોમાં શું થઈ રહ્યું છે તેની આપણને ખબર હોવી જોઈએ. ઈન્ડોનેશિયા મુસ્લિમ દેશ છે, પરંતુ ત્યાં એક મહિનો રામલીલા યોજાય છે. થાઈલેન્ડની રાજધાની 'અયોધ્યા' તરીકે ઓળખાય છે. થાઈલેન્ડના પ્રત્યેક રાજા પોતાના નામ સાથે 'રામ' શબ્દ જોડે છે.

હું વિદેશ મંત્રી તરીકે બર્મા ગયો હતો. તેઓએ મારા સન્માન માટે એક સાંસ્કૃતિક કાર્યક્રમ રાખ્યો હતો, જેમાં રામાયણનો સીતાહરણનો પ્રસંગ હતો. હું તો અચંબામાં પડી ગયો. મારી બાજુમાં બેઠેલ બર્માના વિદેશ મંત્રી કે જેઓ ખ્રિસ્તી હતા તેમને મેં પૂછ્યું, 'આ શું થઈ રહ્યું છે ?' તેમણે કહ્યું, 'આપને ખબર નથી ? આ રામાયણનો પ્રસિદ્ધ પ્રસંગ છે' અટલજીએ સામું પૂછ્યું 'એ વાત સાચી, પણ તમારે રામાયણ સાથે શું સંબંધ ?' ખ્રિસ્તી મંત્રીએ કહ્યું, 'અમે ખ્રિસ્તી થઈ ગયા તો શું થઈ ગયું ? અમારી સંસ્કૃતિ અમે નથી ભૂલ્યા, અમારા પૂર્વજોને નથી ભૂલ્યા.'

એકવાર વિદેશ મંત્રી તરીકે હું અફઘાનિસ્તાન ગયો હતો ત્યારે મારો ઉતારો હોટલ 'કનિષ્ક'માં હતો. મેં ત્યાંના વિદેશ મંત્રીને પૂછ્યું, 'આ કનિષ્ક તમારા શું થાય છે ? અફઘાનિસ્તાનના વિદેશ મંત્રીએ જવાબ આપ્યો, 'કનિષ્ક અમારા પૂર્વજ છે. અમો અમારા પૂર્વજોને કેમ ભૂલી શકીએ ?'



## અટલજીના શાસનકાળના અટલ નિર્ણયો

- **પરમાણુ પરીક્ષણ :** ૧૯૯૮માં અટલ બિહારી વાજપેયીની સરકારે પરમાણુ અખતરો કરવાનો નિર્ણય લીધો તે વખતે અમેરિકી ગુપ્તચર એજન્સી સી.આઈ.એ. પોખરણ ઉપર સેટેલાઈટથી વોચ રાખતી હતી. ભારતે અમેરિકાના સેટેલાઈટથી બચીને સફળ પરમાણુ પરીક્ષણ કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ આઝાદે પણ આ પરીક્ષણ કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ આઝાદ પણ આ પરીક્ષણ ટીમનો મહત્ત્વનો ભાગ હતા.
- **સ્વર્ણિમ ચતુર્ભુજ યોજના :** અટલ સરકારે ૧૯૯૯માં સ્વર્ણિમ ચતુર્ભુજ યોજનાની શરૂઆત કરી જેનું કામ ૨૦૦૧માં શરૂ કરવામાં આવ્યું. આ યોજનાનો ઉદ્દેશ દેશનાં ચાર મોટાં શહેરો દિલ્હી, મુંબઈ, ચેન્નઈ, કોલકાતાને હાઈવે નેટવર્ક દ્વારા જોડવાનો હતો. આ યોજનાને ૨૦૦૬માં પૂર્ણ કરવાની હતી. પણ તેને ૬ વર્ષના વિલંબ બાદ ૨૦૧૨માં પૂરી કરવામાં આવી. આ યોજના હેઠળ ચાર શહેરોને જોડવા માટે ૫,૮૪૬ કિ.મી. લાંબો રસ્તો બનાવાયો.
- **દિલ્હીથી લાહોર સુધી બસસેવા શરૂ કરી :** અટલજી જ્યારે દેશના વડા પ્રધાન બન્યા તો તેમણે દિલ્હીથી લાહોર સુધી બસસેવા શરૂ કરી જેને સદા-એ-સરહદ નામ આપ્યું. આ સેવાનું ઉદ્ઘાટન કરીને તેઓ જાતે જ બસમાં બેસીને દિલ્હીથી લાહોર ગયા હતા. ૨૦૦૧માં સંસદ ઉપર થયેલા હુમલા બાદ આ સેવા બંધ કરવામાં આવી હતી. ૨૦૦૩માં આ સેવાને ફરીથી શરૂ કરવામાં આવી હતી.
- **૧૪ વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણનો અધિકાર :** અટલ સરકારમાં શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સર્વ શિક્ષા અભિયાનની શરૂઆત કરવામાં આવી. ૨૦૦૧માં આ યોજના શરૂ કરવામાં આવી હતી, જેમાં ૬થી ૧૪ વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણ આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તે ઉપરાંત તેને મૌલિક અધિકાર બનાવવામાં આવ્યો હતો.
- **ચંદ્ર ઉપર ભારતની હાજરી નોંધાવી :** ૧૫ ઓગષ્ટ ૨૦૦૩ના દિવસે લાલ કિલ્લા ઉપરથી દેશને સંબોધિત કરવા દરમિયાન અટલ બિહારી વાજપેયીએ ચંદ્રયાન-૧ની જાહેરાત કરી હતી. ૨૨ ઓક્ટોબર ૨૦૦૮ના રોજ શ્રી હરિકોટા ખાતેથી તેને લોન્ચ કરવામાં આવ્યું હતું. તેનું કામ ચંદ્રની પરિક્રમા કરવાનું હતું અને તેના વિશે માહિતી ભેગી કરવાનું હતું.
- **કારગિલ યુદ્ધમાં વિજય :** પાક.ના તત્કાલીન સેના પ્રમુખ જનરલ પરવેઝ મુશરફે ભારત અને પાકિસ્તાન વચ્ચે બનેલી એલઓસી પાર કરીને ભારતીય જમીન ઉપર કબજો જમાવ્યો હતો. તેને કારણે બંને દેશો વચ્ચે યુદ્ધ થયું. આ લડાઈમાં ભારતને ઘણું નુકસાન થયું અને ભારતના ૫૨૭ જવાનો શહીદ થયા પણ ૨૬ જુલાઈ ૧૯૯૯માં ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાને હરાવીને કારગિલ યુદ્ધ જીતી લીધું હતું.
- **દૂરસંચાર ક્રાંતિ :** અટલબિહારી વાજયેપીની સરકારે ટેલિકોમ કંપનીઓ માટે ફિક્સ લાઈસન્સની ફી નાબૂદ કરી અને તેને બદલે રેવન્યુ શેરિંગની વ્યવસ્થા શરૂ કરી. અટલ સરકારમાં જ ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૦ના રોજ બી.એસ.એન.એલ.ની રચના કરવામાં આવી.
- **ખાનગીકરણ :** અટલ સરકારે ધંધો-રોજગારમાં અને ઉદ્યોગોમાં સરકારની દખલ ઓછી કરવા માટે ખાનગીકરણને પ્રોત્સાહન આપ્યું હતું. તેનું પરિણામ એ આવ્યું કે તેમની સરકારે એક અલગ વિનિવેશ મંત્રાલયની રચના કરી હતી.



ખીચડી બનાના ભી જાનતા હૂં, ખીચડી ખાના ભી જાનતા હૂં ઔર અબ હમારી ખીચડી સરકાર ચલાના ભી અચ્છી તરહ સે જાનતા હૂં.'

## અપરાજિત વક્તા અને ઉમદા કવિ

અટલજીમાં વક્તૃત્વ કલા બચપણથી હતી. શાળા-કૉલેજોમાં યોજાતી વક્તૃત્વ સ્પર્ધામાં તેઓ હંમેશા પ્રથમ જ આવતા. ૧૯૫૭માં તેઓએ જ્યારે લોકસભામાં ચૂંટાઈને પ્રથમ સંબોધન કર્યું ત્યારે તેમનું વક્તવ્ય સાંભળી સૌ દંગ રહી ગયા. આટલી નાની ઉંમરમાં આટલું પ્રભાવી પ્રવચન ? પછી તો જ્યારે જ્યારે સંસદમાં અટલજીનું પ્રવચન હોય ત્યારે, સૌ સાંસદો દોડીને સંસદ હોલમાં પહોંચી જતા. અટલજીની સત્યવાણી અને સ્પષ્ટવક્તાનો જાદુ સૌ કોઈ ઉપર ચાલી જતો.

અટલજી રાજનેતાની સાથે સાથે ઉમદા કવિ પણ છે. વર્ષો પહેલાં પોતાની જન્મતિથિ પર અટલજીએ લખ્યું હતું.

હર ૨૫ દિસંબર કો
જીને કી એક નયી સીડી ચઢતા હૂં
નયે મોડ પર ઔરોં સે કમ
સ્વયં સે જ્યાદા લડતા હૂં.

અટલ બિહારી વાજપેયીની પહેલી કવિતા તાજમહેલ પર લખાયેલી. વડાપ્રધાન થતા પહેલાં તેમણે ઘણાં ઉમદા અને સરસ કાવ્યો રચ્યાં હતાં, પરંતુ રાજનીતિમાં વધુ સક્રિય થતાં, સમયના અભાવે કાવ્યરચનાનો છોડ મુરઝાતો રહ્યો, પણ ગમે તે પળે અટલજીનો કવિજીવ બહાર આવે છે. તત્કાલીન પૂર્વ પ્રધાનમંત્રી પી. વી. નરસિંહરાવ એકવાર અટલજીના કાવ્યસંગ્રહનું લોકાર્પણ કરવા એક સમારંભમાં આવ્યા હતા, પોતાના પ્રવચનમાં નરસિંહરાવે વાજપેયીની એક કવિતાની પંક્તિ શ્રોતાઓ સમક્ષ પ્રસ્તુત કરી :


ઈતના હી કાફી હૈ અંતિમ દસ્તક પર
ખુદ દરવાજા ખોલે !

આટલું બોલતાં તો નરસિંહરાવજી ભાવવિભોર થઈ ગયા. અટલજી સામું જોઈને ગળગળાસ્વરમાં બોલ્યા 'વાજપેયીજી, ઐસા મત લિખના. દેશ કો આપકી બહુત જરૂરત હૈ !'

## પ્રેરણારૂપ 'અટલવાણી'



- મારો અંગત અનુભવ છે, તમે દોસ્ત બદલી શકો, પડોશી નહીં.
- આપણી રાજનીતિ એટલી દુઃખદ છે કે જો હું સ્ટ્રોંગ ન હોત તો આત્મહત્યા કરી ચૂક્યો હોત.
- લોકતંત્ર એક એવું સ્થળ છે, જ્યાં બે મૂર્ખ મળીને એક શક્તિશાળી વ્યક્તિને હરાવી દે છે.
- હું હંમેશા વચનો લઈને નહીં, પરંતુ ઈરાદો લઈને આવ્યો છું.
- સખત મહેનત ક્યારેય થકવી દેતી નથી, તે સંતોષ આપે છે.
- આખી દુનિયા આપણી પાસે આવી રહી છે, પરંતુ આપણે એવા મોટા પાગલ છીએ કે બીજા દેશોમાં જઈ રહ્યા છીએ.
- મારી પાસે ન દાદાની દોલત છે અને ન તો પિતાની. મારી પાસે ફક્ત માતાના આશીર્વાદ જ છે.
- સત્ય મોટું શસ્ત્ર છે અને બધા જાણે છે કે સરકારી સ્થળોએ હથિયાર લઈને જઈ ન શકાય.
- જો આપણો દેશ શક્તિશાળી હોય તો કોઈ આપણા પર નજર ઉઠાવી જોવાની હિંમત નહીં કરે.
- જો ભારત ધર્મનિરપેક્ષ ન હોત તો ભારત ભારત ન હોત.
- હોને ના હોને કા કરમ. ઈસી તરહ ચલતા રહેગા, હમ હૈ, હમ રહેંગે, યે ભ્રમ ભી સદા પહલા રહેગા.
- મૌત કી ઉમ્ર ક્યા ? દો પલ ભી નહીં, જિંદગી સિલસિલા, આજ કલ કી નહીં.
- હું મારી જાતને બીજાની નજરે જોઈ શકું છું, ન તો હું ચૂપ છું, ન તો ગાઉં છું.
- મેરે પ્રભુ ! મુઝે ઈતની ઉંચાઈ કભી મત દેના, ગેરોં કો ગલે મિલા ન સકું.



## રોશનસિંહ

**જન્મ : ૨૨-૧-૧૮૯૨ • અવસાન : ૧૯-૧૨-૧૯૨૭**

કાકોરી રેલધાડમાં સામેલ ન હોવા છતાં એ કેસમાં ફાંસીની સજા પામેલા ઠાકુર રોશનસિંહ લોકોમાં સુધરેલા પાપી તરીકે જાણીતા હતા. ઉત્તરપ્રદેશના શાહજહાનપુર પાસેના નાવદા ગામના વતની રોશનસિંહ ક્રાંતિકારી બન્યા પહેલાં લૂંટફાટ અને ધાડ પાડવાની પ્રવૃત્તિ કરતા હતા. ગામમાં એમની ગણતરી પહેલવાન તરીકે થતી. કસરત કરીને શરીર એવું તો કસી નાંખ્યું હતું કે કોઈ એમના પર લાઠી મારતું તો લાઠી મારનારનો હાથ દુખવા માંડતો પણ એમનું રુંવાડુંયે ન ફરકતું. તલવાર, ભાલો, બંદૂક, લાઠી, છરી જેવાં બધાં હથિયાર રોશનસિંહ ચલાવી શકતા. આ તાકાતના બળે જ એ લૂંટફાટ કરવા પ્રેરાયા હતા. પરંતુ એકવાર શાહજહાનપુરમાં ગાંધીજીનું પ્રવચન સાંભળ્યું ને એ બદલાઈ ગયા. ગાંધીજીની હાકલ સાંભળી અસહકારના આંદોલનમાં કૂદી પડ્યા. બરેલીથી તેમની ધરપકડ કરી જેલમાં પૂરવામાં આવ્યા. અઢી વરસના જેલવાસ દરમિયાન રોશનસિંહે ઘણી યાતનાઓ ભોગવી. ધાર્યું હોત તો ત્યાં પોતાની તાકાતનો પરચો બતાવી શક્યા હોત. જેલમાં એમણે યોગીની જેમ જીવન વિતાવ્યું. ચૌરીચૌરાકાંડ પછી ગાંધીજીએ અસહકારનું આંદોલન પાછું ખેંચી લેતાં એમનું મન ગાંધીજીની ચળવળમાંથી ઊઠી ગયું. પરંતુ દેશભક્તિમાં ઓટ ન આવી. ક્રાંતિકારી નેતા રામપ્રસાદ બિસ્મિલનો સંપર્ક સાધ્યો. તેમના ક્રાંતિકારી દળ હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘના સક્રિય સભ્ય બન્યા. દળની આર્થિક ભીડ હળવી કરવા તેમની આગેવાની હેઠળ અનેક જગ્યાએ ધાડ પાડવામાં આવી. પરંતુ કાકોરી ખાતે સરકારી ખજાનો લૂંટવાનો થયો ત્યારે રામપ્રસાદે આ ષડયંત્રથી એમને બિલકુલ અજાણ રાખ્યા. આવું કરવા પાછળનો રામપ્રસાદનો ઇરાદો અગર ધાડ પાડનારા બધા ક્રાંતિકારીઓ પકડાઈ જાય તો રોશનસિંહ જેવા પીઢ માણસને દળનું નેતૃત્વ સોંપી શકાય એ હતો. રેલધાડ પછી સરકારે જે ક્રાંતિકારીઓની ધરપકડ કરી એમાં રોશનસિંહ પણ હતા. રોશનસિંહની ધરપકડનું બધાને આશ્ચર્ય હતું. રામપ્રસાદના સાથીદાર અને હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘના સભ્ય હોવાનો આ બદલો મળ્યો હતો. લખનઉ અદાલતમાં કેસ ચાલ્યો. બધા માનતા હતા કે રોશનસિંહ નિર્દોષ છૂટી જવાના. પરંતુ કોર્ટનો ચુકાદો આશ્ચર્યજનક આવ્યો. જે લોકો ધાડમાં સામેલ હતા એમાંના કેટલાકને પાંચ-દસ વર્ષની કે આજીવન કારાવાસની સજા થઈ જ્યારે રોશનસિંહને રામપ્રસાદ બિસ્મિલની માફક ફાંસીની સજા સંભળાવવામાં આવી. લોકોએ સરકારને અરજ કરવાનું કહ્યું. પરંતુ આ સિંહને દયાની ભીખ માગવાનું મંજૂર નહોતું. 'ઠાકુર થઈને માફી માગું ? મોતથી બીએ એ બીજા.' આવા હુંકાર સાથે અલ્હાબાદની જેલમાં આ નિર્દોષ ક્રાંતિકારી ફાંસીના માંચડે ચડી ગયો.

REGD. NO. GAMC 563/2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## ભાજપાના તમામ મોરચાની સંયુક્ત કારોબારીની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.